સુવિચાર
''પાત્ર મળવું જરૂરી નથી, પાત્ર વિશ્વાસપાત્ર મળવું જરૂરી છે.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૧/૦૨/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ્ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ મહા સુદ-૧૫ વર્ષ : ૧૭ અંક : ૦૪૨

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પૂ. મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં આગામી ૪ થી ૬ ફેબ્રુઆરી

# ફતેપુર ખાતે પૂ. ભોજલરામબાપાનાં મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

**અમરેલીનાં પાદરમાં આવેલ ''ભોજલધામ'' ખાતે ૪ ફેબ્રુઆરીથી ત્રિદિવસીય મહોત્સવનો થશે પ્રારંભ : તડામાર તૈયારીઓ થઈ રહી છે**

**ભોજલધામ એટલે જયાં સ્વયંમ ભગવાન શ્રી દ્વારકાધીશે પ્રગટ થઈ પૂ. ભોજલરામબાપાને ભુજાઓ પર શંખ, ચક્ર છાપુ આપી હતી**

**સંત શિરોમણી પૂ. જલારામબાપા અને પૂ. વાલમરામબાપાનાં ગુરૂ પૂ. ભોજલરામની તપોભૂમિ એટલે ફતેપુર**

**સમસ્ત ધાર્મિકજનોને ત્રિદિવસિય ધાર્મિક મહોત્સવમાં ઉપસ્થિત રહેવા શ્રી ભોજાભગત ટ્રસ્ટ દ્વારા જાહેર આમંત્રણ**

અમરેલી, તા. ૩૧

શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ-ફતેપુર દ્વારા સદગુરૂ શ્રી રામેતવન મહારાજ અને ભગવાન શ્રી રામચંદ્રજીની અસીમ કૃપાથી 'ભોજલધામ' મું. ફતેપુર, તા.જી. અમરેલી ખાતે તા. ૪-ફેબ્રુઆરી બુધવાર, તા. ૫-ફેબ્રુઆરી ગુરૂવાર, તા. ૬-ફેબ્રુઆરી શુક્રવારના રોજ પ્રાતઃ સ્મરણીય પૂજય ભોજલરામબાપાના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પાવન અવસરે ત્રિદિવસીય ભવ્ય કાર્યક્રમનું આયોજન કરાયું છે.




કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા વિ વંદનીય સંતશ્રી પ.પૂ. મોરારિબાપુ ઉપસ્થિત રહેશે.

મંદિર નિર્માણકાર્યના મુખ્ય દાતા સ્વ. વાલજીભાઈ દેવશીભાઈ પરસાણા (રૂા. ૫,૫૧,૦૦,૦૦૦)નો અમુલ્ય સહકાર આપેલ છે જેમને શ્રધ્ધાંજલિ આપી ભવ્ય સન્માન કરવામાં આવશે.

પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝાના આશિર્વાદથી ચાલી રહેલી યજ્ઞસેના ધ વૈદિક રિચ્યુઅલ ટીમ દ્વારા દિવ્ય ભોજલધામ પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન થશે.

અત્રે ઉલેખનીય છે કે, ભોજલધામની ભૂમીનું મહત્વ ભોજલધામ એટલે જયાં પૂ. ભોજલરામ બાપાએ તપસાધના કરી હતી તે પવિત્ર ભૂમિ ભોજલધામ એટલે આ એ ભુમી છે, જયાં સ્વયંમ દ્વારકાધિશ પ્રગટ થઈ સદગુઢદેવ પૂ. ભોજલરામબાપાને બન્ને ભુજાઓ પર શંખ, ચક્ર, ગદા અને પદમની છાપુ આપી હતી. ભોજલધામ એટલે પૂ. જલારામ બાપા, પૂ. વાલામરામ બાપા જેવા મહાન સંતોનું ગુરૂસ્થાન. ભોજલધામ એટલે પૂ. જલારામબાપા તથા પૂ. વાલામરામ બાપાએ તેમના જીવનનો ઘણો સમય ભકિત-સાધના અને ગુરૂ સેવામાં વિતાવ્યો હતો. ભોજલધામ એટલે જે ભૂમી પર સદગુરૂદેવ પૂ. ભોજલરામ બાપા અને પૂ. જલારામબાપાએ જાત મહેનતથી

અનુસંધાન પાના ૬ ઉપર

સ્ટાફ જોઈએ છે
દાંતના દવાખાનામાં કામ-કાજ માટે અનુભવી-બિન અનુભવીએ સંપર્ક કરવો
લેડીઝ - ૧
: રૂબરૂ મળવાનો સમય :
સવારે : ૯:૩૦ થી ૧૧:૦૦, સાંજે ૫:૩૦ થી ૮:૦૦
શ્રી હોમિયોપેથિક કિલનીક & ઓમ ડેન્ટલ કિલનિક
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી. Mo.7016637137 - Mo.9023030089

## ''ડિજિટલ ઈન્ડિયા''નાં માહોલમાં નાગરિકોનાં નાણા અસલામત બન્યા

# અમરેલી જિલ્લાનાં વધુ 3 નાગરિકો સાથે સાયબર ફ્રોડમાં હજારો રૂપિયાની છેતરપીંડી કરવામાં આવી

**રંગપુર, લીલીયા મોટા અને વંડા ગામનાં નાગરિકોની રકમ ઉપડી જતાં તપાસ**

અમરેલી, તા. ૩૧

અમરેલી જિલ્લામાં ગઈકાલે એક જ દિવસમાં સાત સાત સાયબર ફ્રોડથી અજાણ્યા ઈસમો દ્વારા નાણાં પડાવી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ આજે વધુ ત્રણ સાયબર ફ્રોડનો ભોગ બનેલાં લોકોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અમરેલી તાલુકાના રંગપુર ગામે સ્વામિનારાયણ મંદિર પાસે રહેતાં વિપુલભાઈ નાગજીભાઈ છગનભાઈ રાદડીયા નામનાં ૪૮ વર્ષીય આધેડ ગત તા. ૧૯ના સાંજે ૪ વાગ્યા ૪:૩૦

અનુસંધાન પાના ૬ ઉપર

વધે આપની નામના એવી અમારી શુભકામનાઓ..
શ્રી સંદિપ ધાનાણી — પ્રમુખ, શહેર કોંગ્રેસ સમિતિ-અમરેલી
શ્રી વિપુલ પોંકીયા — પ્રમુખ, તાલુકા કોંગ્રેસ સમિતિ-અમરેલી
શ્રી સત્યમ્ મકાણી — પ્રમુખ, તાલુકા કોંગ્રેસ સમિતિ-કુંકાવાવ-વડીયા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આપ ત્રણેય યુવાનોની વિવિધ હોદો પર વરણી કરતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તેમજ આપ સર્વો ઉત્તરોત્તર પ્રગતીના શિખરો સર કરો તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ..
શુભેચ્છક
શ્રી હાર્દિક સેંજલીયા
શ્રીજી મોબાઈલ
૭-૮, રાજકમલ ચોક, મ્યુનીસીપલ શોપીંગ સેન્ટર, નાના બસ સ્ટેન્ડ ચોક, અમરેલી.
હાર્દિક સેંજલીયા - મો. ૯૮૨૫૫ ૪૯૯૯૧

વધે આપની નામના એવી અમારી શુભકામનાઓ..
શ્રી સંદિપ ધાનાણી — પ્રમુખ, શહેર કોંગ્રેસ સમિતિ-અમરેલી
શ્રી વિપુલ પોંકીયા — પ્રમુખ, તાલુકા કોંગ્રેસ સમિતિ-અમરેલી
શ્રી સત્યમ્ મકાણી — પ્રમુખ, તાલુકા કોંગ્રેસ સમિતિ-કુંકાવાવ-વડીયા
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા આપ ત્રણેય યુવાનોની વિવિધ હોદો પર વરણી કરતા અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તેમજ આપ સર્વો ઉત્તરોત્તર પ્રગતીના શિખરો સર કરો તેવી શુભકામનાઓ પાઠવીએ છીએ..
શુભેચ્છક
શ્રી મનિષ ભંડેરી (નેતા-કોંગ્રેસ)
શ્રી હકાભાઈ ભરવાડ (સદસ્ય : કુંકાવાવ તા. પંચાયત)
શ્રી રવજીભાઈ પાનસુરીયા (પૂર્વપ્રમુખ : કુંકાવાવ તા. કોંગ્રેસ)
શ્રી જુનેદ ડોડીયા (પ્રમુખ : અમરેલી વિધાનસભા યુથ કોંગ્રેસ)
શ્રી ભૌમિત પાંધી (ઉપપ્રમુખ : અમરેલી વિધાનસભા યુથ કોંગ્રેસ)

''સદાય વંદનીય જનની જન્મભૂમિ અને કર્મભૂમિ''

## ભાવપૂર્ણ શ્રદ્ધાસુમન



**સ્વ. ડો. કંદર્પભાઈ હરિભાઈ ચૌહાણ ઉ.વ. ૮૨ (M.B.B.S.)**

સ્વ.તા.૨૦-૦૧-૨૦૨૬ને, મંગળવાર
આદ્યસ્થાપક અને ચેરમેનશ્રી-મર્કેન્ટાઈલ કે.કો.ઓ.સો.લી., બાબરા
મુ. બાબરા, જી. અમરેલી

બાબરા અમરાપરા અને બાબરા તાલુકામાં વર્ષો સુધી તબિબી ક્ષેત્રમાં તથા સહકારી ક્ષેત્રમાં અને સ્થાનિક સ્વરાજની સંસ્થામાં આપે આપેલ સેવા, યોગદાન માર્ગદર્શન કરેલ સફળ સંચાલન કયારેય ભુલાશે નહીં આપની વસમી વિદાયથી વર્ષો સુધી સહકારીક્ષેત્રે આપેલ અમુલ્ય યોગદાન આપનાર એક સહકારી આગેવાનની કયારેય ન પુરાય તેવી ખોટ વર્તાશે, ઈશ્વરને ગમ્યુ તે ખરુ આપના પથદર્શન, માર્ગદર્શન અને દુરંદેશી અનુસાર ચાલવા પ્રયત્નો કરનારાઓ.....

લી.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, કર્મચારીગણ અને સભાસદો
મર્કેન્ટાઈલ કે.કો.ઓ.સો.લી., બાબરાના જયશ્રી કૃષ્ણ...**

સદગતની પ્રાર્થના સભા તેમના નિવાસ સ્થાને બાબરા મુકામે ઠે. ભગવતપરા, સરકારી દવાખાના પાછળ, તા. ૦૨/૦૨/૨૦૨૬ ને સોમવારના રોજ બપોરે 3:30 થી ૬:00 દરમ્યાન રાખેલ છે.

Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
• ઉદાસી રોગ
• મરવાના વિચાર આવવા
• વિચારવાયુ
• વહેમ, શંકા
• મંદબુધ્ધિ બાળકોની સારવાર
• ચિંતા - ટેન્શન
• માથાનો દુઃખાવો
• જાતિય રોગો
• વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિધા ઉપલબ્ધ...

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો. ઉત્સવ ડી. ઉનડકટ — ઈન્ટરવેન્શનલ કાર્ડીયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા.૦૧/૦૨/૨૦૨૬ - રવિવારે, સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦
ડો. ધવલ તન્ના — રૂમેટોલોજીસ્ટ, વા, સાંધા અને સ્નાયુના દુઃખાવાના નિષ્ણાંત
તા.૦૩/૦૨/૨૦૨૬ - મંગળવારે, સવારે ૦૯:૦૦ થી ૦૬:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪
ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોકાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૦૩ ૮૧૫૯૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૯ ૪૮૪૩૦

### સીસીટીવી કેમેરાની મદદથી રકમ પરત મળી

# ભૈ વાહ : રાજુલામાં રૂપિયા ૧.૬૫ લાખ ભરેલ થેલી પડી ગયા બાદ પોલીસે મુળ માલીકને પરત કરી

## સ્થાનિક પોલીસ ટીમનો આભાર માનતાં નાગરિક



અમરેલી, તા. ૩૧

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ જિલ્લાના જુદા–જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોક ભાગીદારીથી લગાડેલ સીસીટીવી કેમેરાઓની મદદથી ચોરી, વાહન અકસ્માત જેવાં બનાવો બને, ત્યારે સીસીટીવી કેમેરાના ફુટેઝ ચેક કરી આવા બનાવો ઉકેલી નાગરીકોને મદદરૂપ થવાં સુચના આપેલ છે.

ત્યારે ગત તા.૩૦ના રોજ રાજુલા તાલુકાના બર્બટાણા ગામે રહેતાં હમીરભાઇ રામજીભાઇ કાતરીયાએ ટેકાના ભાવે પોતાની મગફળીનું વેચાણ કરેલ હોય, અને તેના રૂપિયા ૧,૬૫,૦૦૦ રાજુલા એસ.બી.આઇ બેંકની કૃષિ શાખામાં જમાં થયેલ હતા.

તેઓ જે પૈસા ઉપાડીને કાપડની થેલીમાં રાખીને બર્બટાણા જવાં નીકળેલ હતાં. આ દરમ્યાન રાજુલા શહેરમાં આ રૂપિયા ૧,૬૫,૦૦૦ ભરેલ થેલી કયાંક પડી ગયેલ હતી. આ બાબતે તેઓએ રાજુલા પોલીસને જાણ કરેલ અને કહેલ કે, મારા આ રૂપિયા આખા વર્ષની કમાણી અને મહેનતના છે.

જે અનુસંધાને રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાના માર્ગદર્શન નીચે રાજુલા પોલીસ સ્ટાફને બનાવ સમય અને સ્થળના સીસીટીવી ચેક કરવાં અને આ અરજદારના ખોવાયેલ મગફળી વેચાણની આખા વર્ષની કમાણી અને મહેનતના રોકડ રકમ પરત અપાવવા માટે રાજુલા ટાઉન બીટ ઈન્ચાર્જ બી.એમ.વાળા તથા પોલીસ સ્ટાફે રાજુલા ટાઉન વિસ્તારમાં જઈ પુછપુરછ કરી અલગ અલગ જગ્યાના સીસીટીવી ફુટેઝ તેમજ હ્યુમન સ્ત્રોત ઉભા કરી માહિતી મેળવતા આ રોકડ ભરેલ થેલી એક અજાણી મહીલા તે થેલી લઈને રીક્ષામાં બેસતી જોવાં મળેલ હતી.

તે આધારે રીક્ષા ચાલકને શોધી કાઢી તેની પુછપુરછ કરતાં તેઓએ તે મહીલાને રાજુલાના હિંડોરણા ગામે ઉતારેલ હોવાની માહિતી મળતાં હીંડોરણા ગામે જઈ મહીલાની તપાસ કરતાં તેઓ પાસે પૈસા ભરેલ થેલી હોવાનું જણાવેલ હતું. આ થેલીમાં રોકડા રૂપિયા ૧,૬૫,૦૦૦ હમીરભાઇ રામજીભાઇ કાતરીયાના હોવાની ખરાઇ કરી મળુ માલીકને પરત સોંપી 'તેરા તુજકો અર્પણ' સુત્રને સાર્થક કરવામાં આવેલ છે.

આમ અમરેલી જિલ્લાના જુદા–જુદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં લોક ભાગીદારીથી લગાડેલ સીસીટીવી કેમેરાઓની મદદ તેમજ હ્યુમન સ્ત્રોત આધારે પોલીસ ખરેખર પ્રજાનો મિત્ર છે. તે સુત્રને સાર્થક કરેલ છે.

### ડિસ્ટ્રિક્ટ એન્ફોર્સમેન્ટ સ્કવોર્ડ દ્વારા

# અમરેલી શહેરમાં અનઅધિકૃત તરીકે તમાકુનું વેચાણ કરનાર સામે કાર્યવાહી

## ૧૪ કેસ દ્વારા ૨૬૦૦નો દંડ વસુલવામાં આવ્યો

અમરેલી, તા. ૩૧

ડિસ્ટ્રિક્ટ એન્ફોર્સમેન્ટ સ્કવોર્ડ અમરેલી ધ્વારા જિલ્લામાં તમાકુ નિયંત્રણને વધુ અસરકારક બનાવવા માટે વિવિધ વિભાગોના સંયુક્ત સહયોગથી કામગીરી હાથ ધરવામાં આવી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તથા નોડલ અધિકારી (તમાકુ નિયંત્રણ કાર્યક્રમ)ના નેતૃત્વમાં જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીની સૂચના અને માર્ગદર્શન અન્વયે તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ (COTPA–૨૦૦૩) અંતર્ગત તપાસ અને કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં આરોગ્ય વિભાગ, પોલીસ વિભાગ, માહિતી નિયામકની કચેરી, પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ વિભાગ, આર.ટી.ઓ. અને સ્થાનિક સંસ્થાઓના સંયુક્ત ટીમ ધ્વારા છેલ્લા સમયગાળા દરમિયાન જાહેર સ્થળો પર ધુમ્રપાન કરનારાઓ, પ્રતિબંધિત સ્થળોએ તમાકુ ઉત્પાદનોના વેચાણ તેમજ નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

તમાકુ ઉત્પાદનોના પેકેટ પર કાયદેસર ચેતવણી ન હોવી, શાળાઓ તથા શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ ગજની અંદર તમાકુ વેચાણ, તેમજ જાહેર સ્થળોએ ધુમ્રપાન જેવા ગુનાઓ બદલ તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ની વિવિધ કલમો હેઠળ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન દંડની રકમ વસુલ કરી સરકારી ખાતામાં જમા કરાવવામાં આવી છે.

આ કાર્યવાહી અંતર્ગત અમરેલી શહેરના નાગનાથ બસ સ્ટેન્ડ, લાઠી રોડ, કોલેજ સર્કલ, માર્કેટીંગ યાર્ડ, સ્ટેશન રોડ, બાયપાસ વિસ્તારમાં ૫૯ વિક્રેતાઓને ત્યાં ચેકીંગ હાથ ધરી તમાકુ નિયંત્રણ અધિનિયમ– ૨૦૦૩ની વિવિધ કલમોના ભંગ હેઠળ કુલ ૧૪ કેસ કરી રૂા. ૨,૬૦૦નો દંડ કરવામાં આવ્યો છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જનતાને અપીલ કરી છે કે, તમાકુના ઉપયોગથી થતી ગંભીર આરોગ્ય હાનિને ધ્યાનમાં રાખી, જાહેર આરોગ્યના હિતમાં તમાકુથી દૂર રહે અને કાયદાનું પાલન કરે. સાથે જ તમામ વેપારીઓ અને નાગરિકોને તમાકુ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૩ના નિયમોનું કડક પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. તેમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી–વ–નોડલ અધિકારી (ટોબેકો કંટ્રોલ) દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### સરપંચ સહિતનાં આગેવાનોની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન

# અરેવાહ : બાબરાનાં વાવડા ગામે રૂપિયા ૨૫ લાખનાં ખર્ચે પંચાયત ભવન બનશે

## જિલ્લા પંચાયતનાં સદસ્ય પ્રભાતભાઈએ કર્યુ ભૂમિપૂજન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૧

બાબરા તાલુકાના વાવડા ગામમાં સી.ડી.પી. ૫ યોજના અંતર્ગત અંદાજે ૨૫ લાખ રૂપિયાની નવી ગ્રામ પંચાયત મંજૂર થયેલ જેનુ ખાતમુહૂર્ત કોટડાપીઠા જીલ્લા પંચાયત સદસ્ય પ્રભાતભાઈ કોઠીવાળ, ધ્વારા કરવામાં આવ્યુ હતું. આ તકે સરપંચ બાબુભાઈ ભાયાણી, વાવડા ઉપસરપંચ રમેશભાઈ જમોડ તથા સ્થાનિક ગ્રામ આગેવાન અને લોકો ઉપસ્થિત રહ્યા હતા. રૂા. ૨૫ લાખના ખર્ચે આધુનિક ગ્રામ પંચાયતનું ભવન ગામમાં નિર્માણ થતા ગામના લોકોના આનંદની લાગણી પ્રસરી ગઈ હતી.

### મતદાન પૂર્ણ થયા બાદ જનપ્રતિનિધિઓને મતદારોની કોઈની ચિંતા થતી નથી

# બાબરામાં મનફાવે તે સમયે પીજીવીસીએલ દ્વારા વીજ પુરવઠો બંધ કરી દેવાતો હોય નારાજગી

## જનપ્રતિનિધિઓનું મૌન અને અધિકારીઓ બેફામ

બાબરા, તા. ૩૧

બાબરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પીજીવીસીએલ વિભાગની મનસ્વી કાર્યપદ્ધતિએ માઝા મૂકી છે. ગુરૂવાર એટલે કે મેઈન્ટેનન્સનો દિવસ ફિકસ હોવા છતાં, હવે તો અઠવાડિયાના સાતેય દિવસ વીજળી કયારે જશે અને કયારે આવશે તેનો કોઈ ભરોસો રહ્યો નથી. સવારથી સાંજ સુધીના આ અઘોષિત વીજકાપને કારણે બાબરાનું અર્થતંત્ર ખોરવાઈ ગયું છે અને વેપારીઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે.

પીજીવીસીએલના આ લુખ્ખા વહીવટને કારણે માત્ર બજારો જ નહીં, પણ સરકારી કચેરીઓ પણ શોભાના ગાંઠિયા જેવી બની ગઈ છે. કોમ્પ્યુટર અને ઓનલાઈન કામગીરી ઠપ્પ થઈ જતાં દૂરના ગામડાઓમાંથી ભાડા ખર્ચીને આવતા અરજદારોને કામ વગર પરત ફરવું પડે છે. ઓફિસોમાં પંખા–લાઈટ બંધ હોવાથી ગરમીમાં શેકાતા લોકો અધિકારીઓના પાપે ત્રાહિમામ પોકારી ગયા છે.

સ્થાનિક વેપારીઓ સોશ્યલ મીડિયા પર પોતાનો રોષ ઠાલવતા જણાવી રહ્યા છે કે, ચૂંટણી સમયે મધમીઠી વાતો કરનારા નેતાઓ અત્યારે કયાં છુપાયા છે ? નગરપાલિકા અને ધારાસભ્યની ચૂંટણીમાં જેમને ખોબલે–ખોબલે મત આપ્યા તેવા સત્તાધારી પક્ષના અગ્રણીઓએ પણ મોંમાં મગ ભર્યા હોય તેમ મૌન ધારણ કરી લીધું છે. વેપારીઓનો આરોપ છે કે ધંધાની સીઝન સમયે જ વીજળી કાપીને સરકારી તંત્ર મધ્યમ વર્ગની કમ્મર તોડી રહ્યું છે.

વીજકાપની સીધી અસર નગરપાલિકાના પાણી પુરવઠા પર પડી છે. લાઈટ ન હોવાને કારણે પંપિંગ સ્ટેશનો બંધ રહે છે, પરિણામે શહેરના અનેક વિસ્તારોમાં પીવાનું પાણી મળતું નથી. અંધેર વહીવટને કારણે જનતા બેવડો માર સહન કરી રહી છે. એક તરફ મોંઘા વીજ બિલ અને બીજી તરફ સેવાનો અભાવ આ કેવી નીતિ ?

જો આગામી ૨૪ કલાકમાં પીજીવીસીએલ દ્વારા આ અઘોષિત વીજકાપ બંધ કરવામાં નહીં આવે અને વીજ પુરવઠો પૂર્વવત નહીં કરાય તો બાબરાના વેપારી મંડળ અને જાગૃત નાગરિકો દ્વારા પીજીવીસીએલ કચેરીએ હલ્લાબોલ કરી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. અધિકારીઓ પોતાની એસી કેબિનમાંથી બહાર નીકળી પ્રજાની પીડા જુએ તેવી લોકમાંગ ઉઠી છે.

### મુખ્યમંત્રીનાં હસ્તે વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત

# ખાખરીયા ગામે ૨૫ લાખનાં ખર્ચે બનશે આધુનિક ગ્રામ પંચાયત ભવન

## જિલ્લા પંચાયત સદસ્ય નીતિન રાઠોડની ઉપસ્થિતિ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા



બાબરા, તા. ૩૧

બાબરા તાલુકાના ખાખરીયા ગામના વિકાસ પ્રવાહને વેગ આપતા એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે, જેમાં ગામમાં રૂપિયા ૨૫ લાખના ખર્ચે અત્યાધુનિક ગ્રામ પંચાયત ભવનનું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ વિકાસકાર્યનું વિધિવત ખાતમુહૂર્ત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી દ્વારા ડિજિટલ પ્રારંભ કર્યા બાદ, ખાખરીયા ગામ ખાતે પ્રત્યક્ષ ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમના હસ્તે શાસ્ત્રોકત વિધિ વિધાન સાથે ભૂમિપૂજન કરી ભવન નિર્માણનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

આ ગૌરવશાળી પ્રસંગે ખાખરીયા ગામના સરપંચ વિપુલભાઈ કાચેલા, અગ્રણી કિરીટભાઈ બગડા સહિતના સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા. ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામનારૂં આ નવું પંચાયત ભવન ગ્રામજનો માટે વહીવટી સરળતા લાવશે અને ગામના વિકાસને નવી ઊંચાઈ પર લઈ જશે. મુખ્યમંત્રી અને જિલ્લા પંચાયત સભ્યની હાજરીમાં થયેલા આ ખાતમુહૂર્તથી ગામમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સ્થાનિકોએ આ વિકાસલક્ષી અભિગમને આવકાર્યો છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

### ઉદ્યોગપતિનું ગામ જ ઉદ્યોગ વિહોણું

# લાઠીમાં GIDC સ્થાપવાની માંગ સાથે ચેમ્બર ઓફ કોમર્સની ઉગ્ર રજૂઆત

## મંજુર થયેલી GIDC મોટી જંત્રીના કારણે વિવાદોમાં હોવાનું જણાવ્યું





અમરેલી, તા. ૩૧

લાઠી શહેર અને આસપાસના વિસ્તારમાં ઉદ્યોગોના વિકાસ માટે વર્ષોથી પડતર જીઆઈડીસી (ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ)ની માંગણી કરવામાં આવી રહી છે. ત્યારે જીઆઈડીસીને લઈને લાઠી ચેમ્બર ઓફ કોમર્સ ધ્વારા ફરી એકવાર સરકારમાં રજૂઆત કરવામાં આવી છે.

લાઠી ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મેઘાભાઈ ડાંગરના જણાવ્યા અનુસાર ૨૦૦૪થી લાઠીમાં જીઆઈડીસી માટે માંગણી કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૭માં સરકારે આ અંગે મંજૂરી પણ આપી હતી. પરંતુ તે માત્ર ચૂંટણી લક્ષી જાહેરાત સાબિત થઈ હોય, તેમ જણાય છે. ઉદ્યોગકારોની મુખ્ય ફરિયાદ છે કે, લાઠી જેવા નાના કેન્દ્રમાં જંત્રીના દર ભાવનગર કે અમદાવાદ જેવા મહાનગરો કરતા પણ વધારે છે. આ ઉંચા દરોને કારણે નવા ઉદ્યોગો સ્થાપવા મુશ્કેલ બની રહ્યા છે. યોગ્ય પ્રોત્સાહન અને સુવિધાના અભાવે લાઠીના સ્થાનિક ઉદ્યોગો ભાંગી પડયા છે. જો જીઆઈડીસી કાર્યરત થાય, તો વિસ્તારમાં ફરીથી ઔદ્યોગિક ક્રાંતિ આવી શકે તેમ છે.

તાજેતરમાં ચેમ્બર ઓફ કોમર્સ ધ્વારા મંત્રી કૌશિક વેકરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા તથા રાજયસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા સાથે આ અંગે સકારાત્મક ચર્ચા કરવામાં આવી છે. આગામી દિવસોમાં આ પ્રશ્નના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી અને ઉદ્યોગ મંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવશે.

ત્યારે વેપારીઓ અને ઉદ્યોગકારોની એક જ માંગ છે કે, સરકાર જંત્રીના દરમાં ઘટાડો કરી વહેલી તકે જીઆઈડીસીનું નિર્માણ કરે જેથી સ્થાનિક સ્તરે રોજગારી અને વેપારમાં વધારો થઈ શકે તેમ છે.

### આરએસએસનાં શતાબ્દિ વર્ષ નિમિત્તે

# બાબરા ખાતે આગામી દિવસોમાં વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન

## આયોજન અર્થે આગેવાનોની બેઠક યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૩૧

બાબરા ખાતે આગામી દિવસોમાં વિરાટ હિંદુ સંમેલન યોજવા માટે સમગ્ર હિંદુ સમાજ કટિબદ્ધ થયો છે ત્યારે આર.એસ.એસ.ની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં તેની ઉજવણીના ભાગરૂપે આખા દેશમાં યોજાઈ રહેલા હિંદુ સંમેલનની તૈયારીના રૂપે એક અગત્યની બેઠક વિવેકાનંદ સ્કૂલ, બાબરા ખાતે યોજાઈ હતી જેમાં બાબરા અને આસપાસના દસ ગામોમાંથી સામાજિક આગેવાનો, સેવાભાવી સંસ્થાઓ અને ધાર્મિક મંડળોના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને બેઠકની શરૂઆત હિમાંશુભાઈ દ્વારા સુંદર ગીતથી કરવામાં આવ્યા બાદ જિલ્લા કાર્યવાહ સૌરભભાઈ મકવાણા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું જેમાં હિંદુ સંમેલન સફળ રીતે યોજવા તમામ પેટા સમાજનું પ્રતિનિધિત્વ રહે તે રીતે અધ્યક્ષ, કોષાધ્યક્ષ, મંત્રી, સચિવ, સહસચિવ, ઉપાધ્યક્ષો અને કારોબારી સભ્યોની વરણી કરવામાં આવી હતી તેમજ ૧૦ ગામોના સરપંચોની સહકાર સમિતિ અને વિસ્તારના સાધુ સંતોની માર્ગદર્શન હેઠળ મહત્વના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા જે સમગ્ર આયોજન સામાજિક સમરસતાના દર્શન કરાવતું રહ્યું હતું.

# ચિત્તલનાં વરિષ્ઠ પત્રકારનાં આંગણે પૌત્રનો યજ્ઞોપવિત સંસ્કાર કાર્યક્રમ યોજાયો



ચિત્તલના વરિષ્ઠ આગેવાન પત્રકાર હર્ષદ ત્રિવેદીના પૌત્ર તેમજ તેમના સુપુત્ર પ્રિયંક ત્રિવેદી (હરી ૐ મેડીકલ)ના સુપુત્ર તથા કશ્યપ ત્રિવેદી તથા મયુર ત્રિવેદીના ભત્રીજા ચિ. હિતાર્થના યજ્ઞોપવિત કાર્યક્રમ ચિત્તલ ખાતે યોજાયો જેમા ઉર્જા અને કાયદા મંત્રી કૌશિક વેકરિયા પૂર્વ કેબીનેટ મંત્રી બાવકુભાઈ ઉંઘાડ તેમજ પૂર્વ ભાજપ પ્રમુખ કાનાબાર સર તેમજ અગ્રણી ઉદ્યોગપતિ શિતલ આઈસ્ક્રીમના એમ.ડી. દિનેશભાઈ ભુવા, ચિત્તલના ઉદ્યોગપતિ જયસુખભાઈ દેસાઈ તથા લાલજીભાઈ દેસાઈ, કાળુભાઈ ધામી અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ તેમજ અમરેલી જિલ્લા વિશ્વ હિંદુ પરિષદ પ્રમુખ વિજયભાઈ દેસાઈ, અમરેલીના પત્રકાર મનોજભાઈ રૂપારેલ, કોંગ્રેસી આગેવાન અગ્રણી ટીકુભાઈ વરૂ તથા સંદીપ પંડયા અમરેલી જિલ્લા બાર એસોસીએશન પ્રમુખ જે.આર. વાળા તથા ગુજરાત બાર એસોસીએશનનાં બકુલભાઈ પંડયા, અમરેલી પત્રકાર હવેલી ટ્રસ્ટ લોહાણા અગ્રણી પ્રફુલભાઈ બાટવીયા તેમજ બ્રહ્મ સમાજના તથા એડવોકેટ ચેતન રાવલ તેમજ ચિત્તલ ગ્રામ પંચાયત સરપંચ તથા સભ્યો, જસવંતગઢના આગેવાન અશોક માંગરોળીયા તેમજ ચિત્તલ વેપારી એસોસીએશન પ્રમુખ સુખદેવસિંહ સરવૈયા તથા તમામ વેપારી આગેવાનો તેમજ અમરેલી જિલ્લાના પત્રકારો તેમજ ડોકટરો તથા અનેક નામી–અનામી આગેવાનો તેમજ સગા–વ્હાલા સ્નેહીઓ મિત્રોએ વિશાળ સંખ્યામાં પ્રસંગના હાજર રહી પ્રસંગને દીપાવ્યો હતો. તેમજ ચિ. હિતાર્થ ત્રિવેદીને આર્શીવાદ આપ્યા હતા.

## ધારાસભ્ય મહેશ કસવાલાનાં 3 વર્ષનાં કાર્યકાળમાં વિકાસની ગતિ તેજ

# સાવરકુંડલામાં "અટલ સરોવર" અને "રિવરફ્રન્ટ" બનશે આકર્ષણનું કેન્દ્ર

### પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી અને તેની ટીમનાં સહકારથી ધારાસભ્ય શહેરને સુવર્ણનગરી બનાવવા મક્કમ

### બાયપાસ, ઓવરબ્રિજ સહિતનાં અનેક વિકાસ કાર્યોનાં ધમધમાટથી શહેરીજનો ખૂશ

### આગામી પાંચ વર્ષમાં શહેરની સુંદરતામાં જબરદસ્ત વધારો થવાનું નક્કી

### શહેરીજનોની વર્ષો જુની વિકાસની ભૂખ પૂર્ણ થવા જઈ રહી છે






સાવરકુંડલા, તા. ૩૧

છેલ્લા બે દાયકાની સરખામણીએ છેલ્લા બે વર્ષમાં સાવરકુંડલા શહેર શહેરીકરણના એક નવા જ યુગમાં પ્રવેશી રહ્યું છે. સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન હેઠળ અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા તેમની ટીમ દ્વારા હાથ ધરાયેલા વિકાસકાર્યોને કારણે સાવરકુંડલા હવે માત્ર એક નગર નહીં, પણ એક આધુનિક શહેર તરીકે ઉભરી રહ્યું છે.

શહેરના આધુનિકીકરણ માટે અનેક મહત્વાકાંક્ષી પ્રોજેકટસ પર અત્યારે યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. શહેરની શોભા વધારવા માટે અટલ સરોવર અને રિવરફ્રન્ટનું નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત, નાવલી નદીને પુનઃજીવિત કરવા માટે ૧૦ કિમી દૂરથી નર્મદાની પાઈપલાઈન દ્વારા પાણી પહોંચાડવાનું ભગીરથ કાર્ય પૂર્ણતાના આરે છે.

ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે નવો બાયપાસ રોડ અને અમરેલી–મહુવા રોડ પર રેલવે ઓવરબ્રિજનું નિર્માણ થઈ રહ્યું છે. શહેરની મધ્યમાંથી પસાર થતા માર્ગને 'આઈકોનિક રોડ' તરીકે વિકસાવવામાં આવી રહ્યો છે. સાવરકુંડલાને અત્યાધુનિક રેલવે સ્ટેશનની ભેટ મળી છે. સાથે જ રેલવેના પાટાની બંને બાજુના વિસ્તારોને જોડવા માટે ફૂટ ઓવરબ્રિજની સુવિધા પણ ઉપલબ્ધ કરાવાઈ છે. યુવાનો માટે સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ભવ્ય ઓડિટોરિયમનું નિર્માણ શહેરના સામાજિક જીવનને વેગ આપશે. ઉદ્યોગોને વેગ આપવા માટે સ્માર્ટ જીઆઈડીસીનું આયોજન કરવામાં આવ્યું છે, જે સ્થાનિક રોજગારી માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ વિકાસયાત્રા પાછળ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના વિઝન સાથે સાંસદ ભરતભાઈ સુતરીયા અને નગરપાલિકા તંત્રનો સુમેળભર્યો સહયોગ રહેલો છે. વહીવટી તંત્રના મતે, આગામી પાંચ વર્ષમાં જયારે આ તમામ પ્રોજેકટસ પૂર્ણ થશે, ત્યારે સાવરકુંડલા ગુજરાતના નકશા પર એક મોડેલ ટાઉન તરીકે સ્થાપિત થશે.

સ્થાનિક રહીશોમાં પણ આ અવિરત ચાલી રહેલા વિકાસકામોને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સાવરકુંડલા હવે તેના જૂના મિજાજ સાથે આધુનિક સુવિધાઓ સજજ 'સુવર્ણ કુંડલા' બનવા તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યું છે.

### એડીશનલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતા

## અમરેલીનાં ચેક રીટર્ન કેસમાં આરોપીને ૧ વર્ષની સજા

### એડવોકેટ ધર્મેશ પંડયાની દલીલો સફળ



અમરેલી, તા. ૩૧

અમરેલીનાંચેકરીટર્નકેસમાં આરપીને સજા અને ચેકની રકમ ફરિયાદીને વળતર પેઠે ચુકવવાનો એડીશનલ જયુડીશનલ મેજીસ્ટેટ કોર્ટ ધ્વારાહુકમ કરવામાં આવેલ છે.

વિગત એવા પ્રકારના છે કે, આરોપી ભરતભાઈ લાખાભાઈ બાવળીયા રહે. અમરેલી વાળાએ, ફરિયાદીમંડળીસંઘાણીશરાફીસહકારી મંડળી લી. અમરેલી માંથી રૂપિયા એક લાખ પુરાની પોતાના અંગત જરૂરિયાત માટે લઈને પરત કોઈ રકમ ન ભરતો ફરિયાદી મંડળી ધ્વારા બાકી રકમની ઉઘરાણી કરતા જે બાકી રકમના રૂા. ૨,૧૨,૨૦૦/– નો ચેક આપેલ, જે ચેક બેન્કમાંથી પાસ થયા વગર પરત ફરતા જે અંગે ફરિયાદી મંડલીએ આરોપી વિરૂધ્ધ નામ ચીફ કોર્ટ અમરેલીમાં ચેક રીટર્ન થયાનો કેસ કરેલ. જે કેસમાં પુરાવાના અંતે એડીશનલ જયુડીશનલ મેજીસ્ટેટ કોર્ટના જજ કે.બી.પરમાર ધ્વારા આરોપીને ૧ વર્ષની સજા ભોગવવાનો તથા વળતર પેઠે ચેકની રકમ રૂા. ૨,૧૨,૨૦૦/– ફરિયાદીને ચુકવીઆપવાનોસજાનોઆદેશકરેલછે. અને આરોપી કોર્ટમાં મુદતે ગેરહાજર રહેતા તેના વિરૂધ્ધ ધરપકડ માટે સજા વોરંટ કાઢવામાં આવેલ છે.

આ કેસમાં ફરિયાદી મંડળી તર્ફેઅમરેલીનાંજાણીતાએડવોકેટધર્મેશ એચ.પંડયા રોકાયેલા હતા. જેઓની સટીક દલીલો કોર્ટે ગ્રાહય રાખી આરોપીનેસજાફરમાવતોચુકાદોજાહેર કરેલછે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦,પહેલા માળે, ફિરદૌસ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.ચણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી બેસ્ટ સાઉન્ડ કવોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363









લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
રેડી પઝેશન
2 BHK
ચિત્તલ રોડ, ઓમનગર, શેરી નં. ૨, અમરેલી.
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)







## પરદેસિયો સે ના અખિયા મિલાના, પરદેસિયો કો હૈ એક દિન જાના.. એક થા ગુલ એર એક થી બુલ બુલ.. દોનો ચમન મે રહેતે થે.. હૈ યે યે શમા, શમા હૈ યે પ્યાર કા, કિસી કે ઇંતઝાર કા.. દિલ ના ચૂરાલે કહી..

### ફિલ્મી સફર (એક ઈતિહાસ)

હિતેશ જોશી : ૯૪૨૭૨ ૩૦૫૦૬

**પ્રકરણ ..૨૭૦-૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

૧૯૬૫ના ફિલ્મી સફરમાં આજે વર્ષની બીજા નંબરની સફળ ફિલ્મની વાત કરીશું. આ ફિલ્મ હિન્દી સિનેમા માં પ્રથમ પ્રેમની કહાની પર ની ફિલ્મોનો પાયો છે. પ્રથમ પ્રેમ, દરેક મનુષ્યના જીવનમાં આ રોમાચક પરિસ્તીથી આવી જ હોય છે, પછી તે સ્ત્રી હોય કે પુરૂષ પણ તેના તરૂણ વય કે યુવાનીના ઉંબરે તેમણે કોઈને કોઈ પાત્રને પ્રથમ પ્રેમ કર્યો જ હોય છે, પ્રથમ પ્રેમએ માત્રને માત્ર હૃદયની એવી લાગણી છે, જે વર્ણવી શકાય નહીં, એવા સ્પંદનો અનુભવે છે, જે કદી વિસરાય નહીં. દુનિયામાં દરેકને પ્રથમ પ્રેમનું પાત્ર જીવન સાથી બનતું નથી, અમુક ભાગ્ય શાલી લોકોને પ્રથમ પ્રેમ એ જીવન સાથી રૂપે મળે છે, લગભગ યુવતી કે યુવાન જયારે પ્રથમ પ્રેમ કરે ત્યારે તે એવી સ્તિથિમાં હોય છે કે, સ્વતંત્ર નિર્ણય લેવો તેમના માટે સહજ હોતો નથી, પ્રથમ પ્રેમ, જાતિ, ઉંમર, રૂપ, ધન જોતો નથી, તે માત્રને માત્ર એવું ઈચ્છે છે કે આ પાત્ર તેનું જીવન સાથી બને. આ ફિલ્મમાં આ સંવેદનાઓ જોવા મળે છે. સાથે પાશ્વયાત સંસ્કૃતિનું આંધળું અનુકરણ તેસમય એટલે કે ૬૦ વર્ષ પેહલાથી ચાલ્યું આવે છે, તેની વાત પણ અહી ઉલેખનીય છે.આજની ફિલ્મ છે જબ જબ ફૂલ ખીલે.બ્રિજ કથા લેખકે હોલીવુડ ફિલ્મ લવ ઈન ધ આફટર નૂન પર થી પ્રેરણા લઈ આ કહાની તૈયાર કરી, પણ તે સમય ના ખ્યાતનામ નિર્માતા અને નિર્દેશકો એ આ કહાની પર થી ફિલ્મ બનાવવાની ઈચ્છા દર્શાવી નહીં. અંતે સુરજ પ્રકાશે નિર્માતા ચેતન સાથેની મુલાકાત બાદ ફિલ્મ બનાવવા નું નક્કી કર્યું. પણ ફિલ્મનું બજેટ ખૂબ ઓછું રાખવું તેવો નિર્ણય કર્યો, અને તેમણે શશિ કપૂરને આ ફિલ્મના નાયકરૂપે નક્કી કર્યા, કારણ કે શશિ ત્યારે ફિલ્મોમાં નિષ્ફળ નાયક સાબિત થઈ ચૂક્યા હતા ,અને તેઓ કોઈ મોટી રકમ માગે તેમ ના હતા. પણ તેમની સામે તે સમયની કોઈપણ સફળ અભિનેત્રી કામ કરવા તૈયાર ના હતી. અંતે સૂરજે નંદાનો સંપર્ક કર્યો, શશિ અને નંદા અગાઉ બે ફિલ્મો કરી ચૂકયા હતા, પણ બન્ને ફિલ્મો નિષ્ફળ રહી હતી. નંદાને તે સમયે સહ અભિનેત્રીરૂપે જોવાતા હતા, તેમને પણ એક સફળ ફિલ્મ અને નાયિકાની ભૂમિકાની જરૂર હતી, અને તેમણે ફિલ્મ શશિ કરતાં વધુ મહેનતાના લેવાની શરતે સ્વીકારી લીધી. ૧૯૬૫ નંદા માટે સફળ રહ્યું, આ ફિલ્મ ઉપરાંત દેવ સાહેબ સાથેની તીનદેવીયા પણ સફળ રહી.શશિ કપૂરે આ ફિલ્મ માટે ખૂબ મહેનત કરી, તેઓ કાશ્મીરના શિકારા અને બોટ વાળા સાથે રહ્યા, શિકારા ચલાવતા શીખ્યા, ત્યાં ની ભાષા શીખી હતી, કાશ્મીરમાં શિકારા ચલાવતા નાવિકો મુસ્લિમ હતા, અને આજેપણ મુસ્લિમ જ છે. પણ ફિલ્મના નિર્દેશક અને લેખકે હિન્દુ – મુસ્લિમની કહાની પર ફિલ્મ બનાવવાનું નક્કી ના કર્યું, કારણ કે જો દર્શકો તે કહાની પસંદના કરે અથવા કોઈ વિરોધ થાય તો ફિલ્મ નિષ્ફળ જવાના સંયોગ હતા, તેથી નાયકનું નામ અહી રાજા રાખેલ છે, અને તેને માત્ર રાષ્ટ્ર ધર્મ સાથે જોડાવામાં આવ્યો છે. જે ભારતીય સંસ્કૃતિને માટે તેના પ્રેમનો પણ ત્યાગ કરવા તૈયાર થાય છે. ફિલ્મ સફળ રહી અને વિદેશમાં ખાસ કરી ને મોરરકોમાં ફિલ્મ વધુ ચાલી, આજેપણ કોઈ ભારતીય મોરરકો જાય, અને શશિના આશિક વેપારી હોય તો ભાવમાં ફાયદો કરી આપે છે. નંદાને પણ ફિલ્મ સફળતા આપી ગઈ. નંદાને કાશ્મીરમાં શૂટિંગ દરમ્યાન એક કર્નલ ચાહવા લાગ્યા હતા, અને લગ્નનો પ્રસ્તાવ પણ મૂકયો હતો, પણ નંદાએ તે સ્વીકારેલ ના હતો, ત્યારબાદ નંદા મનમોહન દેસાઈ સાથે રિલેસન માં જોડાયા, પણ લગ્નના થયા અને આજીવન અપરણિત રહ્યા.૧૯૬૫માં ભારત પાકિસ્તાનના યુદ્ધ બાદ કાશ્મીરમાં શૂટિંગ કરવું મુશ્કેલ બન્યું હતું. તે સમય પેહલા કાશ્મીરના સેંદર્યને ફિલ્મોમાં દર્શકોએ નિહાળી હતી. આ ફિલ્મમાં અંતિમ દ્રશ્ય મુંબઈના સેંટ્રલ રેલ્વે સ્ટેશન પર ફિલ્માવાયુ હતું, જેમાં નંદા શશિની પાછળ ટ્રેન સાથે દોડે છે, અને અંતે શશિ તેને સાથે લઈ જાય છે, આ દ્રશયમાં જો થોડીપણ ચૂક રહી ગઈ હોત તો નંદાને જીવલેણ અકસ્માત થવાના પૂરા ચાન્સ હતા, કારણ કે નંદાએ આ દ્રશ્ય સાડી પેહરીને ચિત્રિત કર્યુ હતુ, અને શશિ જો થોડી પણ બેદરકારી બતાવે તો સાડી ટ્રેનમાં ફસાઈ શકે તેમ હતી. પણ આ દ્રશ્ય સફળ રહ્યું અને, વર્ષો બાદ દિલ વાલે દુલ્હનિયા લે જાયેંગેમાં આ સીન રિપીટ કરાયો હતો, તો આમિર ખાનની રાજા હિંદુસ્તાની ફિલ્મની કથા પણ આ ફિલ્મની રિમેક હતી. આ ફિલ્મમાં જતિન ખન્ના નામના કલાકારે કામ કર્યુ હતું, અને રાજેશ ખન્નાનું નામ પણ જતિન ખન્ના જ હતું, પણ આ ફિલ્મ બાદ રાજેશે તેનું નામ બદલાવી રાજેશ ખન્ના કર્યુ હતું. તેઓ હજુ હિન્દી સિનેમામાં આવ્યા ના હતા, પણ સંઘર્ષ કરી રહ્યા હતા. ફિલ્મ નું સંગીત કલ્યાણજી આનંદજીએ આપ્યું હતું, અને લક્ષ્મીકાન્ત પ્યારેલાલ તેમના સહાયક રહ્યા હતા. આફિલ્મના ગીતો આનંદ બક્ષીએ લખ્યા હતા, બક્ષી ૧૯૫૮થી સંઘર્ષ કરી રહ્યા હતા, પણ આ ફિલ્મના ગીતોની સફળતા બાદ બક્ષી એ પણ સફળતા ગુમાવી ના હતી. અને હિન્દી સિનેમા માં પગ જમાવી દીધો હતો. જબ જબ ફૂલ ખીલેના નિર્માતા, ચેતન અને નિર્દેશક સુરજ પ્રકાશ હતા, કહાની બ્રિજની, સિનેમા ઓટો ગ્રાફી તારૂં દત, અડિટિંગ સુરજ પ્રકાશ કર્યુ હતુ, ફિલ્મમાં શશિ કપૂર, નંદા, શમ્મી, આગા, બેબી ફરિદા, કમલ કપૂર અને જતિન ખન્નાએ કામ કર્યુ હતું. કમલ કપૂરે અહીથી ચરિત્ર અને ખલનાયકની ભૂમિકાઓ સ્વીકારવાની શરૂઆત કરી હતી. ફિલ્મનું બજેટ ૯૦ લાખ અને નફો ૨.૭૫ કરોડનો થયો અને ફિલ્મ વર્ષની બીજા નંબરની સફળ ફિલ્મ રહી. ફિલ્મની કહાની ની વાત કરીયે તો નંદા કાશ્મીર ફરવા આવે છે, તે એક અમીર પિતા કમલની પુત્રી છે, તે રાજા એટલે કે શશિની હાઉસ બોટમાં રહે છે, શશિ નંદાને જોઈ પ્રથમ દ્રષ્ટિના પ્રેમમાં પડી જાય છે.પણ નંદા તેને એક સારો વ્યક્તિ જ સમજે છે. નંદા તેના વતન જાય છે, તે પેહલા શશિ તેની પાસે થી વિદ્યા જ્ઞાન પણ પ્રાપ્ત કરે છે, બીજી સીજનમાં નંદા તેના બોય ફ્રેન્ડ જતિન સાથે આવે છે, પણ પ્રેમમાં શશિ સાથે જોડાય છે, તેમનો પ્રેમ તેના પિતાને પસંદ નથી, પણ શશિ નંદાને મેળવવા તેના ઘર સુધી પહોચે છે, કમલ એક જાળ રચી શશિને મોડર્ન યુવાન બનાવે છે, પણ શશિ શહેરની પાશ્વયાત સંસ્કૃતિ ને સ્વીકાર કરતો નથી. નંદા પણ શશિનો ત્યાગ કરવા તૈયાર થાય છે, પણ શશિ જ તેનો સાચો પ્રેમ છે, તે અનુભૂતિ બાદ નંદા શશિ સાથે જતી રહે છે. ફિલ્મની કથા વાચવા કરતાં કાશ્મીરના કુદરતી સેંદર્યને માણવા પણ આ ફિલ્મ નિહાળવી જોઈએ.ફિલ્મની સફળતામાં સંગીત અને ગીતનો મુખ્ય ફાળો રહ્યો હતો. એમ છતા બેસ્ટ સંગીતકારનો એવાર્ડ રવિ ને મળ્યો હતો. ફિલ્મના ગીતોને સ્વર રફી સાહેબ, લતાજી અને સુમન કલ્યાણ પૂર અને નંદાએ આપ્યો હતો. ફિલ્મમાં ગીતો તરફ જઈએ તો, શશિ એક મનમોજી યુવાન છે, અને કાશ્મીરના સેંદર્ય સાથે નાવ ચલાવતા ગીત ગાય છે, પરદેસિયો સૌ ના અંખિયા મિલાના, પરદેસિયો કો હૈ એક દિન જાના. અને નંદા તેને ગીત ગાવાની ના કહે છે. પણ તે કાશ્મીરના સેંદર્ય સાથે જોડાઈ ગીત ગાય છે, યે શમા, શમા હૈ યે પ્યાર કા કિસે કે ઈંત ઝાર કા, દિલના ચૂરા લે કહી મેરા મેસમ બહાર કા. તો શશિને તે પસંદ પડે છે. તેને નંદામાં જીવન સાથી દેખાય છે, તે નંદા કહે તેમ કરવા તૈયાર છે, નંદા તેને અપ ટુ ડેટ રેહવા કહે છે તો, શશિ રાજ કપૂર સ્ટાઈલના કપડાં પેહરી તેની સામે આવે છે, નંદા ખૂબ જ હસે છે અને શશિને કહે છે કે તે જેવો છે તેને પસંદ છે, શશિ તેને પ્રેમનો સ્વીકાર સમજી બેસે છે. અને ખુશીથી ગાય છે, અફૂ ખુદા. ઈસ દીવાને દિલને કયાં જાદુ ચલાયા, તુમ કો હમ પે પ્યાર આયા... આ ગીત માં અફૂ ખુદા શબ્દ પ્રયાગ રાજે બોલ્યો છે, જે અગાઉ ચાહે કોઈ મુજે માં, યાહૂ અને આગામી સમયમાં કુલીમાં અલ્લા રખાં પણ તેમનો જ સ્વર છે. શશિ નંદાને સપનામાં શિકારા ચલાવતી કાશ્મીરી વેશ ભૂષામાં જુવે છે, અને ગીત પરદેસિયો સે ના અંખિયા મિલાના. આ ગીત લતાજીના સ્વરમાં છે, તે પેહલા મુબારક બેગમ પાસે તૈયાર કરવામાં આવ્યું હતું, પણ નિર્દેશક દ્વારા તેને મુબારકજીને પૂછયા વગર લતા જી પાસે સ્વર બધ્ધ કરાયું હતું. શશિ નંદાને જતિન સાથે જુવે છે તો નિરાશ થાય છે, અને રફી સાહેબના સ્વરમાં સેડ સોંગ પરદેસિયો સે ના આવે છે, શશિ નંદાને પ્રેમનો આલાપ આપે છે, એક થા ગુલ એર એકથી બુલ બુલ અને બન્ને પ્રેમના તાંતણે બંધાય છે. શહેરમાં શશિને મોર્ડન યુવાન બનાવી બન્ને પ્રેમનો આલાપ છેડે છે. ના ના કરતે પ્યાર તુમ હી સે કર બેઠે આ ગીત રફી સાહેબ અને સુમનજીના સ્વરમાં છે. તો નંદાને પાશ્વયાત સંસ્કૃતિમાં ઢાળેલી જોઈ શશિ દુખી થાય છે, અને કહે છે કે યહાં મે અજનબી હું.. મે જો હું બસ વહી હું... ફિલ્મના ગીતોની વાત કરતાં ફિલ્મ જોવાથી મન ખુશ થસે. શશિએ અહી રાજ કપૂર અને શમ્મી કપૂરની થોડી નકલ કરેલ છે. આ ફિલ્મની સફળતા શશિ કપૂર, આનંદ બક્ષી અને નંદાને ફળી હતી. આગામી અંકમાં ૧૯૬૫ના વર્ષની પ્રથમ નંબરની ફિલ્મ સાથે મળીશું. આભાર...







## ''પ્રેમથી પરમ તરફ આનંદ યાત્રા''

### સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

આપણે સૌને મળીએ ત્યારે પૂછીએ છીએ કેમ છો ? જવાબ મળે છે મજામાં ! ખરેખર આપણો આ જવાબ સાચો આપીએ છીએ ખરા ? જિંદગી સરળ ખુશીથી ભરપુર અને કોઈપણ પ્રશ્નો વગર પસાર થતો હોય તેવી ઈચ્છા સૌની હોય છે. ખાસ કરીને આપણા પરસ્પરનાં પ્રેમાળ લાગણી સભર સંબંધો ઉષ્માભર્યો વ્યવહાર સૌ ઈચ્છે છે પરંતુ કભી સુખ કભી દુ:ખ આ ગીતની કડી ગણગણતા આપણે સમાધાનની શોધમાં હોઈએ છીએ સમાચારો જોતા લાગે કે ચારેબાજુ દુ:ખનાં વાદળો સામટા ઘસીને નિરાશા, હતાશાનો વરસાદ વરસાવી રહ્યા છે અનેક લોકો અનેક સમસ્યાઓથી પીડાય છે આ સમસ્યા આજની નથી. આટલી બધી ભૌતિક સુવિધાઓ મિનિટોમાં દૂર દૂર સ્વજનો સાથે વાતો કરી શકાય ગમે તેવી પરિસ્થિતિમાં ઝડપી વાહનો દ્વારા મળી શકાય. વગેરે વગેરે.સ્કંદપૂરાણમાં સત્ય નારાગણ ભગવાનની કથામાં પણ આ પ્રશ્નોની વાત આવે છે. એક વખત યોગી સેવા નારદજી લોકો ઉપર અનુગ્રહ કરવાની ઈચ્છાએ અનેક પ્રકારના લોકમાં ફરવા ફરતા મનુષ્ય લોકમાં આવ્યા પછી, બધા લોકોને અનેક જાતનાં દુ:ખોયુકત પોતાના કર્મોથી ક્લેશ પામના જોઈ, કયા ઉપાયથી તેમના દુ:ખોનો નક્કી નાશ થશે એવો મનમાં વિચાર કરીને નારદ મુનિ વિષ્ણુલોકમાં ગયા. ભગવાન ત્યાં વસે છે. નારદ મુનિ ભગવાનને પ્રશ્ન પૂછે છે તમારી શકિત અનંત છે. તમે આદિ, મધ્ય અંત નથી તમે નિર્ગુણ છો છતાં ભકતોનું દુ:ખ મટાડવા માટે સગુણ છો સર્વ લોકના દુ:ખ મટાડવા માટે ભકતોની પીડા નાશ પમાડનાર તમે છો. માટે હે નાથ,, તેમનું દુ:ખ અલ્પ ઉપાયે કરી નાશ પામે તે ઉપાય મને કહો. જો તમારી મારા ઉપર કૃપા હોય તો આ મને કહો. હું સાંભળવા ઈચ્છું છું.. (અ. શ્લોક ૧ થી ૧૯)આ કથા બધાએ સાંભળી હોય. સત્યનું આચરણ એ આમાં મુખ્ય છે. પાંચ અધ્યાયમાં આ વાત છે. એક હજાર નામોમાં દરેકે નામનાં અર્થ સને સત્ય જાણવા જેવાં છે.માણસોના દુ:ખ દૂર કરવાના અંગ્રેજીમાં પુષ્કળ સાહિત્ય લખાયું છે જેમાં લેખકોએ દાવો કર્યો છે કે જો સાચા રસ્તે સાચો પ્રયત્ન કરવામં આવે તો મોટાભાગ પ્રશ્નો દૂર કરી શકાય. સૌ ટકા પ્રશ્નો દુર થઈ જાય એવુ કોઈ પુસ્તક હજી લખાયું નથી આપણા વેદ, ઉપનિષદ અને પૌરાણિક કથાઓમાં સો ટકા પ્રશ્નો ઉકેલવા વિશે જ્ઞાન આપ્યું છે. મારા મોટાભાગનું લખાણ લેખો સૌને આશ્વાસન, ધીરજ, સફળતા, સુખના રસ્તાઓ લેખો દ્વારા સુખદ અનુભવ થાય, થોડો સમય આનંદની અનુભૂતિ થાય અને કોઈ ઉપાય મળ ે. ઉપાય આપણે આપણા હદયમાંથી શોધવાનો છે. આ તો માત્ર એક કેડી છે ચાલવાનું સૌએ પોતાની રીતે છે. આવા લેખોમાં કંઈક સુંદર વાંચવા જેવું મળી જાય તે ઈશ્વર તરફથી મળતી પ્રેરણા છે જે મને લખાવે છે. મારૂં આ વિશે કશું જ મૌલિક નથી. મેં જે પાર વગરનું સતત વાંચ્યા કર્યુ છે. ધ્યાન, યોગની ચિત્તવૃત્તિ વખતે જે વિચારો આવન જાવન કરે છે તે લખ્યા છે. તે સત્ય ન હોય કારણ કે હું તો તમારી સાથે ચાલતો એક યાત્રાળુ છું. આપની પાસે ધીરજ, શાંતી અને શ્રધ્ધા રાખવાની અપેક્ષા રાખુ છું. વધુ ખૂબ સારૂ થશે તેવુ મારે જરૂર કહેવું છે કારણ કે મને લાગ્યું છે કે દરેકને પોતાના જીવનમાં આવો અનુભવ થયો હશે. જે કંઈક આપણી શકિત મદદ કરે. ઈરદત્ત ચમત્કારનો અનુભવ એ સૌની અંગત બાબત છે. કારણ કે ગમે તેવા મોટા ડોક્ટર પણ આખરે એમ જ કહે છે કે આખરે તો ઈશ્વરના હાથમાં છે. યુ.એસ.એ.ના અવકાશ યાત્રી સુનિતા વિલીયમ અવકાશમાં નવ મહિના કરતા વધુ સમય રહ્યા અને પૃથ્વી ઉપર પાછા ફરી શકે કે કેમ ? તે વિશે વિજ્ઞાનિકો પણ પ્રાર્થના કરતા હતા, સુનિતાએ હમણાં નિવૃતિ વખતે કહયું કે અવકાશમાં મે ગીતાનું પઠન–પ્રાર્થના કર્યા હતા. નેવું ટકા બીમારીનું મૂળ માનસિક હોય છે. માનસિક હોય છે માનસીક શાંતી માટે રોગમૂકત થવા માટે યોગ, પ્રાર્થના જરૂરી છે. દવાઓની અસંખ્ય આડ અસરો હોય છે. પરંતુ ક્રોધ, તનાવ, ચિંતા દૂર કરવાના ઉપાયો આપણી પાસે છે. હાર્ટ એટેક, ડાયાબીટીસ, બ્લડપ્રેસર, એસીડીટી, પાચનની સમસ્યાઓ ઘણા ભાગે ચિંતા ગુસ્સો, સંબંધો ઉપર અવલંબે છે અથવા આ રોગો સાથે સંબંધ ધરાવે છે. આપણે આ માટે સારૂ વાંચન મિત્રો પ્રેમભર્યા ઉષ્માભર્યા સંબંધોથી હું ઘણા રોગ દુર કરી શકાય. આપણે આ અંગે જાગૃત થવાની જરૂર છે. (અપૂર્ણ)

## 'સમજણ એ જ નારાયણ'

**''કળ દીધેલાં રમકડાંને એટલો આદેશ છે,વૃતિનું લઈ પોટલું તૃષ્ણા - નદી તરવી પડે જીવ જે બીજા સ્વરૂપે જન્મ આપુ છું તને, એમ કહીને કાંચળીને વ્યર્થ છેતરવી પડે.''**
– અશોકપુરી ગૌસ્વામી



**યોગેશ ભટ્ટ**
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

આપણે ત્યાં વેદો – પુરાણો, ઉપનિષદો, ધર્મગ્રંથો અને કથાવાર્તાઓમાં કહેવાયુ છે કે, ચોર્યાસી યોનિઓમાંથી પસાર થયા પછી, આટઆટલાં જન્મ–મરણનાં ચકકરો અને ફેરા ફર્યા પછી અનેક – અનેક પૂર્વજન્મના સંચીત કર્મોના ફળ સ્વરૂપે માણસ તરીકે દુર્લભ જન્મ પ્રાપ્ત થાય છે ! વિચારો આપણે અનેક જીવજંતુ, પશુ, પ્રાણી, કીડી, મકોડા, સરીશ્રૃપોમાંથી પસાર થતાં – થતાં છેવટે માણસ બન્યા છીએ ! માણસ તો ઈશ્વરનું સૌથી શ્રેષ્ઠ સર્જન છે, તે જોઈ શકે ! જાણી શકે, અનુભવી શકે, બોલી શકે, સંવેદનોને વ્યકત કરી શકે, પોતાની ભીતર ઊઠતી તમામ ઉર્મિઓની ઉજાણી કરી શકે. લાગણી પ્રેમ, વેદના, આશા, નિરાશા, મિલન, વિરહ પ્રાપ્તિ અને ત્યાગ જેવા અનેકવિધ પડાવો સમાજની સાથે રહીને શેર કરી શકે, પ્રકૃતિ, પર્યાવરણ ઋતુઓ, સાધનો, સગવડો, સવલતોને ભોગવી શકે આ સઘળી લકઝરીઓ માત્રને માત્ર માણસને જ મળી છે ! સ્વાધ્યાય, સત્સંગ, ધર્મ, અધ્યાત્મ, યોગ, જ્ઞાન અને વિજ્ઞાનના આધારે માણસ જીવનનો ધાર્યો વિકાસ કરી શકે, અણધાર્યા આયામો પ્રાપ્ત કરી શકે ! આટલું બધુ મેળવી લેવા છતાં એવરેજ માણસોએ આ અણમોલ માનવ દેહ કે માનવજીવનનો ઉપયોગ શા માટે કર્યો ? માત્રને માત્ર ટૂંકો સ્વાર્થ, કૂપમંડૂક દષ્ટિકોણ, સ્વાર્થવૃતિ, હુંસાતુંસી, મારૂ તારૂ, ગમા અણગમા, વેર–ઝેર, અહમ એન કૂથલીઓ કરવામાં જ છેવટે જીવન વેડફાઈ જતું હોય એવું નથી લાગતું ? માત્ર મૃગતૃષ્ણાઓ લઈને જ ભટકવાનું ? અનેક અને અપાર શકયતાઓ સભર મળેલો આ માનવદેહ અને અણમોલ જીવન જો ક્ષુલ્લક બાબતોમાં જ અટવાઈને પુરૂં કરી નાખવાનું હોય, તો માણસ અને પશુઓમાં ફરક કેટલો ગણાય ? માત્ર પેટ ભરવું સંસાર માંડવો, પોતાનું જ વિચારીને સમગ્ર જીવન પુરૂ કરી નાખવું એ જ શું જીવનનો ઉદેશ્ય છે ! એવું જીવન તો પશુઓ, પ્રાણીઓ, કીડી, મકોડા પણ જીવી જ લેતાં હોય છે ! આપણને માણસ થયાનું કોઈ ગૌરવ નહીં ? જાતથી પણ આગળ જઈને જગત કલ્યાણ માટેની આપણી કોઈ ફરજ જ નહીં ? જરૂર વિચારવું જોઈએ એવો પ્રશ્ન છે !

નવનીત : ચિંતનને સહયાત્રી બનાવશો, તો કયાંય ભૂલા નહીં પડો.

## સૂત્રધાર

### આકાશી માર્ગે અણધારી વિદાય : જયારે નિયતિના વિમાન સામે સત્તા વામણી પડે છે

મહારાષ્ટ્રના રાજકારણના આકાશમાં જેમના નામનો સૂરજ મધ્યાહ્ને તપતો હતો, તેવા અજિત પવારના વિમાન દુર્ઘટનામાં થયેલા આકસ્મિક અવસાનના સમાચાર માત્ર એક રાજયની ખોટ નથી, પણ સમગ્ર માનવ અસ્તિત્વની ક્ષણ ભંગુરતાનું સૌથી વરવું અને નગ્ન સત્ય છે. ગઈકાલ સુધી જે વ્યક્તિ મહારાષ્ટ્રની રણનીતિના કેન્દ્રમાં હતી, જેમના એક ઈશારે સત્તાના સમીકરણો પલટાતા હતા અને જેમના આગામી પગલાં પર આખા દેશની નજર હતી, એ જ વ્યક્તિ આજે કાળ ના પંજામાં વિલીન થઈ ગઈ.આ ઘટના આપણને ચીસ પાડીને કહી રહી છે કે જિંદગીનું ગણિત ગમે તેટલું પાકું હોય, પણ કુદરતની એક જ ગૂગલી આખી બાજી પલટી નાખવા માટે કાફી છે.


**નિયતિનો ન્યાય અને આકાશી અકસ્માતો :** જયારે આસમાનમાંથી લોખંડી પંખી નીચે ખાબકે છે, ત્યારે તે એ નથી જોતું કે અંદર બેઠેલી વ્યક્તિ કયા પક્ષની છે, તેની બેંક બેલેન્સ કેટલી છે કે તેની પાસે સત્તાના કેટલા પ્રોટોકોલ છે. આ વિમાન દુર્ઘટનાએ આપણને એ કાળી રાત અને એ વિતેલા દિવસોની યાદ અપાવી દીધી જયારે ભારતના અનેક તેજસ્વી રાજકીય સિતારાઓ આકાશી માર્ગે જિંદગીનો જંગ હારી ગયા હતા.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જેવી મૃદુ અને લોકપ્રિય પ્રતિભા હોય કે ભૂતકાળમાં માધવરાવ સિંધિયા, વાય.એસ.રાજશેખર રેડ્ડી, સંજય ગાંધી અને જી.એમ.સી. બાલયોગી જેવા દિગ્ગજ નેતાઓ આ તમામ મહારથીઓના કરૂણ અંત વિમાન કે હેલિકોપ્ટર દુર્ઘટનામાં જ થયા. સત્તાના સર્વોચ્ચ શિખરે હોવા છતાં, અદ્યતન સુરક્ષા કવચો વચ્ચે રહેવા છતાં, એક ક્ષણની ટેકનિકલ ખામી કે ખરાબ હવામાન સામે આ તમામ શક્તિશાળી માનવીઓ લાચાર સાબિત થયા. આ ઘટનાઓ સાબિત કરે છે કે આપણે ગમે તેટલા ઊંચા ઉડીએ, પણ જમીન પર કયારે પાછા ફરવું એ આપણા હાથમાં નથી હોતું.

**જિંદગીનો પડદો અને ફિલ્મી ફિલોસોફી :** જિંદગીના આ રહસ્યમયી અને કરૂણ અંતને સમજવા માટે ફિલ્મી પડદા પર આલેખાયેલા કેટલાક દ્રશ્યો અને સંવાદો આપણી આંખો ભીની કરી જાય છે અને ઊંડું ચિંતન આપે છે :**૧.આનંદ (૧૯૭૧):** રાજેશ ખન્ના જયારે અંતિમ ક્ષણોમાં કહે છે કે, 'હમ સબ રંગમંચ કી કઠપુતલિયાં હૈ, જિસકી ડોર ઉપરવાલે કે હાથ મેં હૈ,'ત્યારે તે શબ્દો આજે અજિત પવાર કે અન્ય નેતાઓના સંદર્ભમાં પથ્થરની લકીર જેવા લાગે છે. આપણે માની લઈએ છીએ કે આપણે જિંદગી ચલાવી રહ્યા છીએ, પણ હકીકતમાં આપણે માત્ર એક ભૂમિકા ભજવી રહ્યા છીએ જેનો અંત કયારે આવશે એ લેખક (ઈશ્વર) સિવાય કોઈ જાણતું નથી.

**૨. કલ હો ના હો :** આ ફિલ્મનો શીર્ષક સંવાદ જ જિંદગીનું અસલી રહસ્ય છે. આપણે 'કાલે શું કરીશું' એના લાંબા લિસ્ટ બનાવીએ છીએ, પણ એ ભૂલી જઈએ છીએ કે 'આજ' પૂરી થશે કે નહીં ? એની કોઈ ગેરંટી નથી. વિમાન ટેક – ઓફ થાય ત્યારે મુસાફરના મનમાં મંજિલના સપના હોય છે, પણ જો રસ્તામાં જ અકસ્માત સર્જાય તો સમજાય છે કે મંજિલ કરતા સફર વધુ કિંમતી હતી. શા માટે આટલી અનિશ્ચિતતા ?

માણસ વિજ્ઞાન દ્વારા ચંદ્ર પર પહોંચ્યો છે, પણ પોતાના શ્વાસ પર કાબૂ મેળવી શકયો નથી. અજિત પવાર જેવા નેતાઓ જેમના શિડયુલમાં



મહિનાઓ અગાઉની મિટિંગો ફિકસ હોય છે, જેમની પાસે દેશના શ્રેષ્ઠ હવામાન શાસ્ત્રીઓ અને પાયલોટસ હોય છે, છતાં એક ક્ષણની દુર્ઘટના બધું જ મિટાવી દે છે. આ અનિશ્ચિતતા આપણને ત્રણ મોટા પાઠ શીખવે છે :

**પૂર્વાનુમાનની મર્યાદા :** આપણે હવામાનની આગાહી કરી શકીએ છીએ, વિમાનની ટેકનિકલ તપાસ કરી શકીએ છીએ, પણ 'આયુષ્ય'ની આગાહી કોઈ સુપર કોમ્પ્યુટર કરી શકતું નથી. એટલે જ, આવતીકાલના પ્લાનિંગમાં આજની શાંતિ ન વેડફવી જોઈએ.

**સત્તા કરતા સ્નેહનું મૂલ્ય :** સત્તાની ફાઈલોમાં સહીઓ કરનારા હાથ જયારે અચાનક થંભી જાય છે, ત્યારે એ સહીઓ કરતા એ હાથે જેમને હૂંફ આપી હતી એ સંબંધો જ લોકોના મનમાં જીવતા રહે છે. અજિત પવારના ગયા પછી લોકો પક્ષના સમીકરણો ભૂલીને તેમની વ્યક્તિગત છાપને યાદ કરશે.

**હકારાત્મક સ્વીકાર :** જિંદગી ગમે ત્યારે અલ્પવિરામ લઈ શકે છે, એટલે જ જે પળ હાથમાં છે તેને ઉત્સવની જેમ જીવવી જોઈએ. વર્તમાનમાં જીવવાની કળા આપણે બધા 'ભવિષ્ય' નામના કિલ્લાને મજબૂત કરવામાં 'વર્તમાન' નામના બગીચાને સુકાવા દઈએ છીએ. અજિત પવાર કે રૂપાણી સાહેબની આકસ્મિક વિદાય આપણને એ જ શીખવે છે કે સમય બહુ ઓછો છે. જે કહેવું છે તે આજે જ કહી દો, જે માફી માંગવી છે તે અત્યારે જ માંગી લો.સત્તા મેળવવાના લોભમાં કે પૈસા કમાવવાની દોડમાં આપણે ઘણીવાર આપણા સ્નેહીજનોને સમય આપી શકતા નથી. પણ જયારે અચાનક આવી દુર્ઘટના બને છે, ત્યારે પશ્વાતાપ સિવાય કંઈ બાકી નથી રહેતું.જિંદગીમાં 'રિટાયરમેન્ટ પછી એન્જોય કરીશ' એ માનસિકતા સૌથી મોટી ભૂલ છે, કારણ કે રિટાયરમેન્ટ સુધીનો સમય આપણી પાસે છે કે નહીં એની કોઈ ખાતરી નથી.જિંદગી એ કોઈ સંગ્રહાલય નથી કે જયાં આપણે માત્ર વસ્તુઓ ભેગી કરતા રહીએ, જિંદગી તો એક ધોધ છે જેને માત્ર વહેતા જોવામાં અને તેમાં નાહવામાં જ મજા છે. અજિત પવારનું વિમાન જે રીતે તૂટી પડયું, તે આપણને યાદ અપાવે છે કે આપણે ગમે તેટલા સુરક્ષિત હોવાનો દાવો કરીએ, પણ આપણે બધા જ નિયતિના હાથમાં એક નાનકડું પલ્લું છીએ.આ આખી ચર્ચાના અંતે, જીવનના અંતિમ સત્યને ઉજાગર કરતી બરકત વિરાણી 'બેફામ'ની આ પંક્તિઓ આપણને ઘણું કહી જાય છે : 'સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી, ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી'

**બેફામ :** જિંદગીની ઈમારત ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે, નકશો ગમે તેટલો ભવ્ય હોય પણ એ ગેરંટી નથી કે ઈમારત ટકી જ જશે. એટલે જ, જેટલા શ્વાસ બાકી છે તેને ઉમંગથી ભરી દેવા એ જ માનવધર્મ છે. અજિત પવાર અને એવા અનેક નેતાઓ જે દુર્ઘટનામાં હોમાયા, તેમના આત્માને પરમાત્મા શાંતિ આપે અનેઆપણને સૌને ક્ષણે ક્ષણનો આનંદ માણવાની સદબુદ્ધિ આપે.

**તસ્વીર સૌજન્ય : સાર્થક મહેતા**



**ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા**
અમરેલી મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯

# ।। રામ પ્રબોધ કીન્હ બહુભાંતી, તદપિ હોતિ નહિં શીતલ છાતી ।।

બેદલ મુખથી મીઠાં બોલે, એની વાણીમા વરમન ડોલે બેલીડા બેદલનો સંગ ના કરીએ..

આ નવરાત્રિના નવ દિવસ દરમ્યાન ભગવાને એક દિવસ માનસજીમાંથી અરણ્યકાંડ, કિષ્કિંધાકાંડ તથા સુંદરકાંડને સમૂહમાં પાઠ કરાવ્યો. મને બેલાવી કહ્યું, ‘‘ચલો રમા, તુમ સબકે પાઠ કરાવ.’’ આજ સુધી સમૂહમાં કદીપણ માનસજીનું ગાન કરાવેલ નહીં અને રાગ પણ આવડે નહીં તેથી સંકોચ થતો હતો. ભગવાને કહ્યું, ‘‘સંકેચ કર્યો ? મેરે સાથ સાથ ગાવ.’’ ભગવાને અર્ધાલિથી પાઠ કરાવવાનું ચાલુ કર્યુ. થોડી ચોપાઈઓ બાદ મારા પર છોડી અંદર જતા રહ્યા. થોડીવાર તે બેલાવી શકે પછી તો ભગવાને બતાવેલ રાગથી પાઠ કરાવ્યો. પાઠ પૂરા થવાની તૈયારી થતાં ભગવાન પાછા પધાર્યા. ભગવાને બનાવેલ, ‘‘હે પ્રભુ ! અસ મન કર દો’’ પણ ગાવા કહ્યું. ભગવાનની સાથે ગાવાનું હતું.

શ્રી પ્રભુ–પ્રાર્થના

હે પ્રભુ ! અસ મન કર દો.... અસરારિ ! અઘહારી ! હે હરિ જન મન બનચારી; હે પ્રભુ ! અસ મન કર દો. (૧) મુદિત રહે પ્રત્યેક દશામેં, તેષ સુધા રસ પાવે, જગ ભોગોકી ચકાચૌં ધમેં, ભૂલ ભટક નહિં જાવે; હે પ્રભુ ! અસ મન કર દે. (૨) રાગ દ્વેષ ઈષા મદ મમતા, સપનેહિં ઈન્હેં ન ધ્યાવે; કરે નિરંતર ધ્યાન આપકા, પ્રેમસે ગુન ગનગાવે; હે પ્રભુ ! અસ મન કર દો. (૩) અણુ અણુ ઔર પરમાણુમેં, દેખે રૂપ તુમ્હારા, સર્વે સમર્પણ હેય આપમેં, રહે ન અંશ હમારા; હે પ્રભુ! અસ મન કર દો. (૪) ઉત્પીડક ના બને કિસિકે, હે વિનમ્ર મૃદુભાષી, સેવા ધર્મ પરાયણ હેવે, તજ કર આશ પિશાચી;

હે પ્રભુ ! અસ મન કર દો.

(૫) રામ લખનસિયપદ શિર નાઈ, ફિરેઉ બણિકજિમિ સૂર ગવાઈ । બના હે યહુ તને ભવ તરનેકો, બૂડત હે મઝધારા, કિજે કૃપા સફલ હો જીવન, દે દે જરા સહારા;

હે પ્રભુ ! અસ મન કર દો.

(૬) રામનવમીના પ્રણામ નિમિત્તે જોધપુર બાપુજીનો પત્ર આવ્યો. ભગવાનને આ વિષે વાત કરતાં કહ્યું, ‘‘લાવ પત્ર કહાં હૈ ?’’ પત્ર વાંચ્યા બાદ ભગવાને એડ્રેસ વાંચ્યું, જેમાં ‘‘રમા હરિયાણી’’ લખેલું. ભગવાને એ જ આંતરદેશીય પત્રમાં પાછળ મોકલનારના એડ્રેસની જગ્યાએ લખીને આપ્યું.‘‘રમા હરિયાણી નહી રમા–રમણ ઘર્યાની.’’ એમ સાંભળ્યું છે કે સાધુ સમાજમાં જયારે જે જીવ પ્રભુની શરણાગતિ સ્વીકારે પછી સગુરૂ દ્વારા દીક્ષા અપાયા બાદ તેના નામ, સ્થાન, પરંપરા વિગેરે આધ્યાત્મિક રીતે યહ કિતના પ્રેમાલ ઔર ભાવિક જીવહૈ ઔર આખર પંકિતસે તો વહ નિર્મલ હૈ છે તે ખબર ન હતી, તેમણે તે છેલ્લી લીટીમાં પોતાનું નામ જાહેર કરેલું.






પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.[illegible] (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોતમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



બદલી દેવામાં આવે છે તે રીતે નામ–અટક વિગેરે ભગવાને બદલી નાંખ્યું. એક દિવસ ભગવાન પાસે એક ભાઈ એમની દીકરીને લઈને આવેલા. તે બહેને ભગવાન પાસે રડતાં રડતાં એક ભજન ગાયું, જેની છેલ્લી લીટી આ પ્રમાણે હતી.

નિર્મલ આઈશરણમેં, પ્રભુ સ્વીકાર કરલો. તેમને આ રીતે કરૂણભાવથી ગાતા જોઈને મેં ભગવાનને ચિઠ્ઠી લખી, ‘ડજ્ઞભગવાન યહ ભી માલૂમ હો ગયા. આપકા તો પ્રણ હૈ, રામ પ્રણામ કીન્હ સબકાઈ, સુદિત ભયે લહિ લોચનલાઈ ।

નિર્મલ મન જન સો મોહિ પાવા. તો ફિર આપ સ્વીકાર કર લો ના ? ત્યારે મને તે બહેનનું નામ નિર્મળા ભગવાને મને જવાબ લખીને આપ્યો, ‘‘તુમ માનતી તો વૈસી નહીં હૈ’’ ‘‘તેમનુ જીવન ભગવાન જાણતા હતા. ભગવાનને તો નિર્મળ મન જ પ્રિય છે.

જોધપુરમાં રામનવમીનો ઉત્સવ પતાવી ત્યાંથી બે ત્રણ ગાડીઓ દ્વારા બધા રવાના થયા. ગુનાથી થેડે દૂર બજરંગગઢમાં શ્રી હનુમાન જયંતિનો ઉત્સવ મનાવ્યો. ત્યાર બાદ ત્યાંથી ફરતાં ફરતાં તારંગાહિલ થઈને રાજકોટ ગયા. (૫૭) રામકૃપા બિનુ સુનુ ખગરાઈ રાજકોટમાં પોપટપરા સ્થાનમાં શ્રી હીરાભાઈ નામના ભકત રહે છે. તેમની ઈચ્છાથી ત્યાં રઘુવીર મંદિર બનાવવામાં આવ્યું. તેમને પ્રેમભાવ જોઈ ભગવાને આ પ્રતિષ્ઠા મહોત્સવ પર આવવાનું સ્વીકારેલું. સમય ઓછો હોવાથી તેઓ મૂર્તિ વિષે ચિંતિત હતા. તે વખતે ભગવાને ૧૯૬૧માં ચિત્રકૂટ રઘુવીર મંદિર માટે જે મૂર્તિઓ ઓર્ડર આપી બનારાવેલી અને તે પછી અનંતપુરમાં મંદિર બનાવવાની ઈચ્છાથી રાખેલી તે મૂર્તિઓ ત્યાંથી મંગાવી લીધી, અને ધામધૂમથી સ્વહસ્તે યુગલ સરકારની પ્રતિષ્ઠા કરી. તે ઉત્સવ પર ૧૦૮ નવાહ્ન પારાયણ વિધિસર કરવામાં આવ્યા. વ્યાસપીઠ પર પૂ. હરિચરણદાસજી મહારાજજી બિરાજમાન હતા. બધા ગુરૂ ભાઈ બહેનોમાં ખૂબ જ આનંદ ઉત્સાહ હતો. બહેનો ભગવાનના આદેશાનુસાર કેસરી સાડી તેમજ ભાઈઓ કેસરી ટોપી પહેરી પાઠમાં બેઠેલા. તેમાં હું પણ હતી. એટલા પ્રમાણમાં ભીડ હતી કે તે દિવસોમાં તો ભગવાનના દર્શન જાણે દુર્લભ થઈ ગયા હતા.

રામ કીન્હ બિશ્રામ નિશિ, પ્રાત પ્રયાગ નહાય। આ પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ પહેલા રાજકોટ આશ્રમમાં ભગવાન પધારેલા, એક બહેનને દીક્ષા આપેલી. મેં ભગવાનને પૂજન કરવા બાબત ચિઠ્ઠી લખેલી, ‘‘ઈતની ભીડમેં યદિ આપકે અનુકૂલતા હૈ તે મેં પૂજન કરના ચાહતી હું. કોઈઆગ્રહ નહીં હૈ. યદિ આપકે સમય મિલે તો હી.’’ ભગવાનના રૂમની બાજુમાં ‘‘ઠાકર મઢી’’માં હું હતી. ભગવાન તે બહેનને દિક્ષા આપી અચાનક સીધા મારા રૂમમાં પધાર્યા. ખૂબ જ પ્રસન્ન હતા, અને દરવાજો બંધ કરી પૂજન કરવા જણાવ્યું. પૂજન કરી લીધા બાદ જાણે મારી પરીક્ષા લેતા હેય તેમ કહ્યું, ‘‘લે રમા, અબ તે એક એર ભી બુઢ ગઈ.’’ મેં કહ્યું, ‘‘ભગવાન, આપ તે દિનદયાલુ હૈ ઔર વિપતિ હૈ. આપકે પાસે એક ક્યા એકહજાર ભી બઢંગે તો ભી આપકે ચરણોમે મેરા સ્થાન હૈ વહ તો રહેગા હો.’’ આ સાંભળી ખૂબ જ ખુશ થઈ માથા પર હાથ ફેરવતાં બોલ્યા, ‘‘રમા, સંદેવ ઐસી હૈ વિશાલ ભાવના કે સાથ ઉદાર ઔર ઉત્તમ વિચાર રખના. મુઝે ઈતિનેમેં નહીં સમજના વૈસે ભી ગરૂએકદેશીય નહીં હેતા હૈ ગુરૂવ્યાપક તત્વ હૈ. તે દિવસોમાં કોઈ કારણસર મેં ઉપવાસ કરેલો. ત્યારે હજી ભગવાને સાગર નેત્રયજ્ઞથી લીધેલો ત્રણ મહિનાનો નિયમ કોઈને સ્પર્શ ન કરવાને ચાલુ હતો. તેથી જે બહેનથી મને ભગવાને જોધપુરમાં સાવધાન કરેલી તેમણે મારા ઉપવાસ વિષે અનુમાન લગાડી ભગવાન સાથે આ બાબત ચર્ચા કરી હશે તેથી ભગવાને મને પૂછયું, ‘‘રમા તુમને દો ચાર દિન પહલે ઉપવાસ કિયા થા કયા ?’’ મેં કહ્યું, ‘‘જી હાં.’’ કારણ પૂછ્યું, ત્યારબાદ આ અનુમાનની વિગત મને જણાવી ફરી સાવધાન કરી.પોપટપરામાં ભગવાને મને બેલાવી કહેલું, ‘‘રમા, ધીરૂ કે લિયે તુમને લડકી દેખી ?’’ મેં કહ્યું, ‘‘કોન સી ?’’ તો ભગવાને કહ્યું, ‘‘બાદ–મેં બતાઉંગા.’’ બાકી ધીરૂભાઈની સગાઈ ભગવાને તો તે જ દિવસે પોતાની રીતે નક્કી કરી દીધેલી તે અમે કોઈજાણતા ન હતા. ૧૯૬૭માં તેમની જ સાથે ધીરૂભાઈની સગાઈ જાહેર કરી.

એક દિવસ ભગવાન રાજકોટ રાજા સાહેબનાં બંગલે પધારેલા. સાંજનો સમય થતાં મનહરભાઈ, ભાભી તથા નીલા, ઉર્વા અને તે સિવાય સાથે એક બીજા બહેન પણ હતા. અમે ફરવા નીકળેલા. સંધ્યા સમયે થોંડે દૂર અમને ભગવાનની ગાડી સામે મળી. ભગવાને ગાડી ઉભી રખાવી.

# **વસંતે વમન :પ્રયોજનાચાસ્ય સ્વસ્થસ્ય સ્વાસ્થય રક્ષણમ ।। આતુરાસ્ય વિકાર પ્રશમન’ચ ।।**

આયુર્વેદનુ મુખ્ય પ્રયોજન જ સ્વસ્થ વ્યક્તિના સ્વાસ્થ્યનું રક્ષણ કરવાનું છે, આ માટે આયુર્વેદમાં દિનચર્યા – ઋતુચર્યા અને રાત્રીચર્યા ના નિયમો બતાવેલ છે, જેનું પાલન કરવાથી વ્યક્તિ સ્વસ્થ રહી શકે છે. આ સર્વ સામાન્ય નિયમો એટલે એ ઋતુમાં જે આપણને પથ્ય હોય તેવો આહાર – વિહાર કરીએ અને અપથ્ય હોય તેવા આહાર – વિહારનો ત્યાગ કરીએ.

થોડા સમય પહેલા મારા એક દર્દીનો ગાંધીનગરથી ફોન આવ્યો કહે સાહેબ મને પીતની બહુ સમસ્યા રહે છે તો મને અહીના એક વૈધરાજે પંચકર્મ કરાવવાનું સૂચવ્યું છે તો હું કરાઉ ? મે તેમના થતી તકલીફ વિશે જાણ્યું અને સૂચવ્યું કે તમારે પંચકર્મ માં ફક્ત વિરેચન કરવાવાની જરૂર લાગે છે તો તે નિષ્ણાત વૈધ પાસે કરાવો, હાલ માં જે રીતે લોકોમાં આયુર્વેદ સારવાર અને ખાસ કરીને પંચકર્મ લઈને જે જીજ્ઞાસા અને ઉત્સાહ જોવા મળે છે તે જોઈ એક આયુર્વેદ ચિકિત્સક તરીકે ખુબજ આનંદ અને ગૌરવ અનુભવાય છે,પંચકર્મ આમ તો સમજાવવું ખૂબ લાબો વિષય છે પણ સામાન્ય લોકોની સમજ માટે થોડી માહીતી આપીએ તો આયુર્વેદમાં મુખ્યત્વે જયારે કોઈ રોગ શમન(મોઢે થી દવા લઈને ) ચીકીત્સાથી શાંત ના થાય ત્યારે વધી ગયેલા દોષોની શાંતી માટે શોધન (પંચકર્મ) કરાવવાનું સૂચવ્યું છે, આવું જ સ્વસ્થ વ્યક્તીનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે વિવિધ ઋતુમાં તે ઋતુંને અનુરૂપ પંચકર્મ કરવાવાનું સૂચન કરેલ છે, તો જે લોકોને કફની, એલર્જીની તથા ચામડીના રોગોની સમસ્યા રહે છે તેવા લોકો એ વસંત ઋતુંમાં વમન કરાવવું જોઈએ મ**વસંત ઋતુ – જુનું ત્યજી નવું અપનાવવાની ઋતુ :**

શિશિરમાં મધુર અને સ્નીગ્ધાદી ભોજનથી તથા ઋતુ ના પ્રભાવથી વધેલો કફ વસંત ઋતુમાં સુર્યના તાપથી તપીને ઓગળે –પીગળે છે તથા (જઠરમાં પ્રસરી) જઠરાગ્નિને મંદ કરી (જઠરાગ્નીમા પ્રયાજન્ય) વિવિધ રોગો ઉત્પન્ન કરે છે. તેથી તે વધેલા કફને જલદીથી જીતવો. તે માટે તીક્ષ્ણ વમન અને નસ્ય આપવું. હલકા અને રૂક્ષ અન્નપાન આપવા. વ્યાયામ, ઉદવર્તન અને પાદાઘાતથી ઉગ્ર કફને જીતવો. સ્નાન કરી ચંદન, કપૂર, અગરૂ અને કેસરનો શરીરે લેપ કરવો.વસંત ઋતુ એટલે પ્રકૃતિના યૌવનનો આરંભ, શ્રીમદ ભગવદ ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે, ઋતુઓમાં વસંત ઋતુ હું છું. દેવી ભાગવત અને બ્રહ્મવૈવર્તક પુરાણોમાં ઉલ્લેખ જોવા મળે છે કે શ્રી કૃષ્ણે પહેલી વાર સરસ્વતી પૂજન વસંતપંચમીનાં દિવસે કર્યુ હતું. વસંત ઋતુ એક વેદાકાલીન પર્વ છે. આ દિવસે બ્રાહ્મણો પોતાના બાળકોને ઉપનયન સંસ્કાર કરી ઋષિ આશ્રમમાં પ્રવેશ આપતા. શિક્ષણક્ષેત્રે આ દિવસે સરસ્વતી પૂજન કરવામાં આવે છે. બદલાતા સમય સાથે આપણે ટેકનોલોજીની નજીક અને કુદરતથી દુર થતા જઈ રહ્યા છે. તેવા સમયે કુદરતનાં રૂપને નીહાળીશું તો ખ્યાલ આવશે કે આપણે કોની અવગણના કરી રહ્યા છીએ અને શું ગુમાવી રહ્યા છીએ.ફૂલોની સુગંધની વચ્ચે ઠંડી ઠંડી ફૂંકાતી હવા... સરરર ઉડતી ઓઢણી.. અને ખુશીઓનું કોરસ ગાતા લો આવી ગઈ પ્રેમની ઋતુ વસંત... માથા પર મંડરાતી પરીક્ષાના વિચારોથી થનારી ગભરાહટ.. દિવસે પણ પાપણ સાથે સંતાકુકડી રમતી નરમ મુલાયમ અને પ્રેમભર્યા સ્પર્શથી ઉપજેલ અનોખી સુગંધ.. આ સુગંધમાં ડૂબેલ સમગ્ર પ્રકૃતિ.. તમે નઈચ્છો છતાં હવાની છેડછાડ તમને પણ એક જુદા નશામાં ડુબાડી દે છે.**પ્રકૃતિએ માણસને ઉત્સવ ઉજવવાની અનેક તકો પોતાની તરફથી પણ આપી છે.** વસંત એટલે સૃષ્ટિના યશકલગી વિજયની



ડો. ભાવેશ કે. મહેતા
મો.૯૪૨૨૨ ૮૭૯૦૮ / ૮૭૯૯૦૯૯૮૦૭ e-mail:drbkmehtarmo@gmail.com




વિજય પતાકા અને ચેતનાનો ફુવારો વસંતનું એશ્વર્ય જ આપણને ઈશ્વરની કલા શક્તિનો પરિચય આપે છે. પાનખર પછીની ઋતુ એટલે સોળ શણગાર સજીને આવે, જાણે પૃથ્વિને પાંગરેલું યૈવન, વસંત ખીલે એટલે પશુ – પંખી, પ્રકૃતિ અને સ્ત્રી – પુરૂષો સૌ માં નવા પ્રાણ, નવી ચેતના અને સ્ફૂર્તિનો પ્રાદુર્ભાવ થાય છે. વસંત ઋતુ એટલે સમગ્ર સૃષ્ટિમાં ચેતના અને પ્રસન્નતાનું પ્રાણતત્વ સંચારિત કરનાર સમય.માગશર સુદ પાંચમથી ફાગણ સુદ પૂનમ સુધી મહેકની ઋતુ એટલે વસંત.


વસંતમાં ચોતરફ વનરાજી પ્રફુલ્લી ઉઠી હોય છે. કિંશુક (ખાખરો), કમળ, બકુલ (બોરસલી), આંબો, અશોક, કર્નીકાર વગેરે વૃક્ષોથી વાતાવરણ મનમોહક થતું હોય છે. કોયલના ટહુકા અને ભ્રમરોના મત ગુંજારવથી મનોહર ઉધાનો ધ્વનિત થઈ રહ્યા હોય છે. દક્ષિણ દિશાનો મંદ મંદ પવન વાતાવરણને ઓર જ ઉતેજીત બનાવી રહ્યો હોય છે.**ઠંડીને લીધે હેમંતમાં (શિયાળા) સંચિત થયેલો કફ વસંતની ઉષ્ણતાને લઈને કુપિત થઈને અનેક જાતના કફના રોગો જન્માવે છે.**મિત્રો મોટાભાગના રોગો જનસમુહમાં એક સાથે (એપેડેમિક સ્વરૂપમાં ) ઋતુંસંધીનાં સમયમાં થાય છે. ઋતું સંધી એટલે એક ઋતુનો સમાપ્તીકાલ અને બીજી ઋતુનો પ્રારભ કાલએ ઋતુ સંધી છે. એક ઋતુનાં અંતના સાત દિવસ અને બીજીના શરૂઆતના સાત દિવસ આ ચૌદ દીવસોનું નામ ‘ઋતુંસંધી છે. પૂર્વ ઋતુનાં નિયમોને છોડવા અને બીજી ઋતુના નિયમોનું ગ્રહણ કરવું – આ ઋતુંસંધીમાં આચાર નિયમ છે. એકદમ પુર્વઋતુંનાં નિયમોનો ત્યાગ અને નવી ઋતુના નિયમોનું ગ્રહણ ન કરવું જોઈએ, ક્રમશ : કરવું જોઈએ.સહસા ત્યાગથી અસાત્મ્યજ રોગો ઉત્પન્ન થાય છે. નરસાનો ત્યાગ અને સારાનું ગ્રહણ ક્રમે ક્રમે કરવું જોઈએ. ઋતું સંધીમાં ન સાચવવાથી રોગો થાય છે.મિત્રો અત્યારે સવાર – સાંજ ઠંડી લાગે છે અને બપોરે એકદમ તાપ લાગે છે જેને લીધે આપણને બપોરે ઠંડી અને ગળ્યું ખાવાની (શ્રીખંડ, દ્રાક્ષ..) ઈચ્છા થાય છે, પરિણામે કફના રોગો (શરદી, ઉધરસ, ફલુ, શ્વાસ) ખુબજ થાય છે, અગાઉ કહ્યું તેમ ઠંડીની ઋતુમાં સંચિત થયેલો કફ, દિવસનાં તાપથી ઓગળે છે અને ઉપરથી ઠંડુ – ગળ્યું કફને વધુ પ્રકુપિત કરે છે. એટલે આ ઋતુંસંધિના પંદર દિવસ (શિયાળો ઉતારવાના અને ગરમી શરૂ થવાના) આહાર – વિહારમાં ખુબ કાળજી રાખવી જરૂરી છે ઋતુપરિવર્તન સાથે રોગોત્પત્તિને સંબંધ છે. જેમ કે, વસંતઋતુમાં શરદી સળખમ, કાકડા, કાનની રસી, એલર્જીજન્ય રોગો તથા ઈન્ફેકશન જોવા મળે છે. વિશેષ કરીને વસંતઋતુમાં જોવા મળતાં આવા રોગો પાછળ કેટલાક ચોક્કસ કારણો રહેલાં છે. આવા કારણો વિષે જાણકારી મેળવી આપણે રોગ ન થાય તેની તકેદારી રાખી શકીએ.પહેલી મહવની બાબત જો કે શિયાળાની ઠંડીમાં સંચિત થયેલો કફ વસંતઋતુની શરૂઆતમાં ગરમી વધતાં ઓગળવા લાગે છે અને પ્રકોપ પામે છે. શિયાળામાં આરોગેલા તેલ – ઘી યુક્ત પદાર્થો, વસાણા, મીઠાઈના અતિરેકની કિંમત કયારેક વસંતઋતુમાં થતાં રોગો પેટે ચૂકવવી પડે છે. વસંતઋતુમાં વધતી ગરમીને કારણે પ્રકોપ પામતો કફ એ શરદી – સળેખમ જેવી સમસ્યાનું મુખ્ય કારણ છે.બીજી મહવની બાબત તે વસંતઋતુમાં ખીલતાં પુષ્પોની છે. પુષ્પોમાં પરાગરજ રહેલાં છે. અતિસૂક્ષ્મ એવા, પ્રોટિનના બનેલા આવા પોલન્સ વસંતકાળ દરમ્યાન લાખો કરોડોની સંખ્યામાં હવામાં ઉડતા હોય છે, જે શ્વાસ દ્વારા ફેફસામાં દાખલ થતાં સખત છીંકો, ઉધરસ, શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ ઉભી કરે છે. અને થોડા વખત પછી એ શરદી સળેખમના પ્રકોપ સ્વરૂપે ઉગ્રરૂપ ધારણ કરે છે.ત્રીજી મહવની બાબત છે તે–પ્રત્યેક ઋતુના બદલાવ સાથે શરીરનું અનુકૂલન સાધવાની ઠંડી ઓછી થઈ ઉત્તરાયન કાલમાં વસંત ઋતુની શરૂઆત થાય છે. ત્યારે આબોહવાના પરિવર્તનો સામે શરીરને અનુકૂલન સાધતા થોડો સમય લાગે છે. આવા ગાળામાં રોગપ્રતિકાર શક્તિમાં અસંતુલન સર્જાય છે. જેથી શરીર વારંવાર ઈન્ફેકશન કે ચેપનો ભોગ બને છે.ઉપર જણાવેલા ત્રણે કારણો જાણ્યા પછી વસંતઋતુમાં આહાર – વિહાર તથા ઔષધીક્રમ વિષેની સૂચિ પર નજર નાખવા ભલામણ કરૂં છું.સાંજના સમયે ચાલવા જવાનો શ્રેષ્ઠ સમય વસંત કાળનો છે. ભ્રમણ કરવાથી કે ચાલવાથી રક્તનું પરિભ્રમણ સુધરે છે. ઉપરાંત ભૂખ ઉઘડે છે. ખોરાક પ્રત્યે રૂચિ વધે છે, વધારાનો મેદ – ચરી અને કફ ઓછા થાય છે. વસંતકાળમાં સંધ્યા ભોજનના એક – દોઢ કલાક પછી નિત્ય ચાલવાની ટેવ આ કાળમાં થતાં ઘણાં રોગો સામે પ્રતિકારનું કામ કરશે. યાદ એ રાખવું કે, ઝડપથી ચાલવું કે દોડવું નહિ. હળવી લટાર મારતા હોઈએ એમ મંદગતિએ ચાલવું ફાયદાકારક રહેશે.પુષ્પ થકી હવામાં ઉડતા પોલન્સ સામે રક્ષણ મેળવવા નોઝલમાસ્ક પહેરવું અથવા નાક આગળ કોટનનું કપડું રાખવું. નાકમાં દેશીદિવેલ લગાવી રાખવું. કેટલીક વ્યક્તિઓમાં માત્ર આમ કરવાથી જ એલર્જીજન્ય શરદી સળેખમ દૂર થઈ જાય છે અને કોઈ વિશેષ ઔષધી લેવાની જરૂર રહેતી નથી.લૂખા ભોજન એટલે કે તેલ, ઘી, માખણ, મલઈનો ઉપયોગ ન થયો હોય એવા તળ્યા વગરના અને વઘાર કર્યા વગરના ભોજનનો મહિમા સમજવો. ખાસ કરીને શરદી. સળેખમ, એલર્જીજન્ય શ્વાસની તકલીફ જણાઈ આવે કે તુરંત ખોરાકમાંથી ઉપર જણાવેલી વસ્તુઓનો ત્યાગ કરવો. આશરે અઠવાડિયા માટે બાફેલા ખોરાક પર ઊતરી જવું. બધાં જ મસાલાનો ઉપયોગ કરી સ્વાદિષ્ટ અને રૂચિકર ખાવાનું ખાવું પણ વઘાર કરવો નહિ. આમ કરવાથી પ્રકોપ પામેલ કફદોષ શાંત થશે. શરીરમાં હળવો ખોરાક જતાં હોજરી અને આંતરડાની કાર્યક્ષમતા વધશે. લૂખા ખોરાકમાં મકાઈ કે જુવારની શેકેલી ધાણી, શેકેલા નમક – હળદરવાળા ચણા, બધાં જ શેકેલા કઠોળનો ખોરાકમાં છૂટથી ઉપયોગ કરવો.આ સાથે શરદી સળખમની સમસ્યાવાળાઓએ ગળપણ સદંતર બંધ કરવું. જૂની કબજિયાત પણ શરદી – સળેખમનું એક કારણ હોઈ રાત્રે દિવેલમાં શેકેલી હરડે (પાંચ ગ્રામ) ગરમ પાણી સાથે લેવી. બપોરની ઊંઘ, રાતનો ઉજાગરો, ભય, શોક અને અતિપરિશ્રમ પણ શરદી – સળેખમનું કારણ બનતા હોઈ સમજણપૂર્વક ત્યાગવા.હવે ઔષધી આયોજન વસંતકાળ શરૂ થાય કે તરત દસગ્રામ ખાંડેલી વરિયાળી, પાંચ ગ્રામ આમળા ચૂર્ણ, પાંચ ગ્રામ બહેડા, ચૂર્ણ, અઢીગ્રામ સૂંઠ, અઢી ગ્રામ ગંઠોડા, અઢી ગ્રામ વાવડિંગ, અઢી ગ્રામ હળદર, અઢી ગ્રામ અજમો, બે ગ્રામ સંચળ, એક ગ્રામ મરી, એક ગ્રામ ચિત્રક, દસ નંગ તુલસીના પાન તથા એક નંગ ડીંટૂ કાઢેલ નાગરવેલના પાનને એક નાના ગ્લાસ પાણી (સો મી.લી.)માં ઉકાળવા.તુલસી અને નાગરવેલના પાનને અધકચરા વાટી પછી ઉમેરવા. અડધો ગ્લાસ પાણી વધે ત્યાં સુધી ઉકાળી, ગાળી, આવો ઉકાળો સવાર – સાંજ નવશેકો ગરમ હોય ત્યારે પીવો. ઉકાળો લીધાની પંદર મિનિટ પહેલા અને પછી અન્ન – જળ લેવા નહિ. જેમની પ્રકૃતિ ગરમ હોય, પિત્ત – દાહ – બળતરા – એસિડિટી જેવી તકલીફ રહેતી હોય તેમણે આવા ઉકાળામાંથી માત્ર બેચમચી ઉકાળાનું સેવન કરવું. એથી વધુ નહિ. બાળકોને એક – એક ચમચી આપી શકાય.

આ ઔષધીય ઉકાળો શરદી સળેખમ ઉપરાંત કાકડા ઉધરસ, છીંકો અને સ્વાઈન ફલુના લક્ષણોમાં એટલો જ અકસીર છે.

સાંજના સમયે અજમો નાખેલા ગરમ પાણીથી નાસ લેવો.

# **પ્રેમની મહેક**

સદાય મહેકતો રહેતો ચેહરો, મધ્યમ કદનો બાંધો, ઘઉંવર્ણો વાન, કાળા, સિલ્કી અને રેશમી વાળ, તેના ખંજન ઉપસાવતા ગાલ, અને હોઠ પર સદાય વહેતું સ્મિત ધરાના નવયેવનમા વધારો કરતું. અને વાચાળ,ચંચળ,અને સ્હેજ ભીનો પણ નમણાશથી ઘોળાય જતો વર્ણ, ઘટીલો બાંધો,અને સુંદર સ્વભાવ આકાશના વ્યક્તિને વધુ સારૂં કરી બતાવતો.આકાશ અને ધરા બન્ને એક ઈવેન્ટ કંપનીમા એક સાથે જોબ કરતા. મધ્યમવર્ગીય કુટુંબમાંથી આવતા બન્ને પોતાના પરિવારની જવાબદારીઓ ઓછી કરવા માથી રહ્યા હતા. બન્ને એક ઓફિસમા સાથે કામ કરતા હોવાથી બન્ને વચ્ચે વાતચિત્ત અને ત્યારબાદ મિત્રતાનો દોર શરૂ થયો. આકાશને ખબર પડી કે, ધરાને સાંજે ઘરે જવા માટે સમયસર બસ કે રીક્ષા મળતી નથી, તેથી તેણે ધરાને પોતે મૂકી જવાનું નક્કી કર્યુ. ધરાએ અનેક આનાકાની કરી, પણ આકાશ સામે તેનું ચાલ્યું નહીં. આકાશ અને ધરાનું ઘર એક રસ્તે હોવાથી, હવે દરરોજ બન્ને સાથે આવતા જતા.રસ્તામા અનેક વાતો અને દલીલો થતી. ધીમેધીમે તેમની મિત્રતા વધુને વધુ ઘેરો રંગ લઈ રહી હતી. ઘણીવાર ઓફિસેથી પાછા ફરતા કયારેય ચા, કોફી કે પાણીપુરી પણ સાથે ખાતા.તેમની મૈત્રી કયારે પ્રેમમા પરિવર્તિત થઈ ગઈ તેનો બંનેને ખ્યાલ ના રહ્યો.વસંતપંચમીનો દિવસ હતો. આકાશ ધરાને મુકવા તેના ઘર તરફ જઈ રહ્યો હતો. ત્યારે અચાનક આકાશે રસ્તા પર બાઈક રોકીને ધરાને પ્રપોઝ કરી. ધરાને ઘણા સમયથી એવી આશંકા તો હતી જ, કે આકાશ તેને પ્રેમ કરે છે. પરંતુ તેની આશંકા આજે સત્યમા પરિણમી હતી. ધરાએ આકાશ પાસે એક મહિનાનો સમય માંગ્યો. એક દિવસ આકાશ ઓફિસે ન આવતા, ધરાને તેની કમી મહેસુસ થવા લાગી. તેને આકાશ પ્રત્યેની તેની ભીની લાગણીનો અહેસાસ થયો. બીજે દિવસે જયારે આકાશ ઓફિસે આવ્યો, ત્યારે ધરાએ તેના પ્રેમ પ્રસ્તાવને તરત જ સ્વીકારી લીધો. પછી બંને યુવા હૃદય સાથે હરતા ફરતા અને સુખી દાંપત્ય જીવનનાનમણા સપનાઓ સેવતા.એક દિવસ આકાશ અને ધરા બન્ને ફરવા જવાના હતા. ધરાએ અડધી કલાક આકાશની રાહ જોઈ. ત્યારબાદ ધરાએ આકાશને ફોન કર્યો. આકાશ ચાર પાંચ રિંગ



વિસામો — વૃંદા ચિંતન મહેતા, રાજુલા

પૂરી થઈ ગયા બાદ પણ ફોન ન ઉપાડતા, ચિંતાતુર ધરા તેના ઘરે જઈ પહોંચી. ઘરમાં પગ મુકતા જ તેણે જોયું કે, આકાશના મમ્મી રડી રહ્યા હતા. ઘરના સર્વ ચિંતાતુર હતા. આકાશ અંદરથી રૂમનો દરવાજો ખોલી ના રહ્યો હતો, અને કંઈ જવાબ પણ ના આપી રહ્યો હતો. અંતે રૂમનો દરવાજો તોડી સૌ અંદર ગયા. અંદરનું દ્રશ્ય જોઈને સૌ કોઈ આવાક રહી ગયા. આકાશ બેભાન અવસ્થામા હતો, તેના મુખ માથી ઘણું લોહી વહી ગયું હતું. કોઈને કંઈ સમજાયું નહીં. ધરા તો આકાશને જોઈને સ્થબ્ધ થઈ ગઈ.આકાશને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. હોસ્પિટલમાં કલાકોના નિદાન અને સીટીસ્કેનના રિપોર્ટ બાદ જાણવા મળ્યું કે, આકાશને લીવર બ્લોકેજ નામની ગંભીર બીમારી છે. ડોકટરે આ બીમારીને ગંભીર બીમારી ગણાવી. આ બીમારી તેને વારસામાં મળી હતી. આજે પચ્ચીસ વર્ષ બાદ ડિટેકટ થતા ખબર પડી હતી. અઠવાડિયા સુધી આકાશની હોસ્પિટલમા સારવાર ચાલી, ધરા આકાશની ખૂબ સેવા કરી હતી. આ રોગની ગંભીરતા જણાવતા ડોકટરે કહ્યું કે, અન્નનળીમા કાળા પડી ગયા છે, ઓપરેશન કરાવવું પડશે. અને ઓપરેશનબાદ દર વર્ષ એન્ડ્રોસ્કોપી કરાવવાની રહેશે. ડોકટરની વાત સાંભળી ધરા ચિંતામા પડી ગઈ હતી.ઓફિસમાં બધાને લાગતું હતું કે, ધરા હવે બ્રેકઅપ કરી લેશે.પરંતુ ધરાને તો બ્રેકઅપનો સપને પણ વિચારના આવ્યો. ધરા પોતાની જાતને આકાશ સાથે જીવનભર રહેવા માટે વધુને વધુ મક્કમ બનાવતી ગઈ. ધરા ના મતે પ્રેમની પરિભાષા એકમેકને જન્મોજનમાંતરનો સાથ નિભાવવાની હતી.આકાશને દસ દિવસ બાદ હોસ્પિટલમાથી રજા આપવામાં આવી. ઘરે આવીને ધરાએ આકાશ સામે લગ્ન માટે પ્રસ્તાવ મુકયો. અને પોતાના પેરેન્ટસને આકાશના ઘરે વાત કરવા મોકલ્યા. આકાશે ધરાને પોતાની બીમારીની ગંભીરતા સમજાવીને બીજા કોઈ છોકરા સાથે લગ્ન કરી લેવા સમજાવી. પરંતુ ધરા એકની બે ના થઈ.તેણે આકાશને સામે પ્રશ્ન કર્યો કે,તારી જગ્યા એ મને આવી બીમારી લાગુ પડી હોત તો તું મને છોડીને ચાલ્યો જાત ? – અને આકાશ તેના પ્રશ્ન સામે નિ : શબ્દ બની ગયો.અંતે આકાશ અને ધરા લગ્નરૂપી ક્ષિતિજે એક થયા. નિયમિત પરેજી અને દવાને કારણે આકાશના તબિયતમા ૯૦ % જેટલી રિકવરી આવી ગઈ. અને બન્નેના જીવનમાંથી ચિંતા અને આફતના વાદળો સમી ગયા. ત્યાં જ ધરા અને આકાશના પ્રેમની કસોટી લેવા કોરોના આવી ગયો. લોકડાઉન થઈ ગયું. ઘર અને દવાના ખર્ચા કાઢવા પણ મુશ્કેલ થયા. ધંધો પાણી ઠપ થઈ ગયા. બન્નેની નોકરી છૂટી ગઈ. પરંતુ આ તો ધરા હતી..! તે આફતો સામે તે પણ ના તૂટી અને આકાશને પણ ના તૂટવા દીધો. તેમણે બન્નેએ મળીને સેનિટાઈઝર, જંતુનાશક દવાઓ તથા માસ્કનો વ્યવસાય શરૂ કર્યો. પોતાના દાગીના પર ગોલ્ડન લોન લઈને આકાશને આર્થિક રીતે નબળો ના પડવા દીધો. અને પોતાના જીવનની ગાડીને ફરી પાટે ચડાવી.

# **દુનિયા મજાક ઉડાવે તો ઉડાવવા દો, તમારી સફળતા જ તેમને જવાબ આપશે ! **

સદાય મહેકતો રહેતો ચેહરો, મધ્યમ કદનો બાંધો, ઘઉંવર્ણો વાન, કાળા, સિલ્કી અને રેશમી વાળ, તેના ખંજન ઉપસાવતા ગાલ, અને હોઠ પર સદાય વહેતું સ્મિત ધરાના નવયેવનમા વધારો કરતું. અને વાચાળ,ચંચળ,અને સ્હેજ ભીનો પણ નમણાશથી ઘોળાય જતો વર્ણ, ઘટીલો બાંધો,અને સુંદર સ્વભાવ આકાશના વ્યક્તિને વધુ સારૂં કરી બતાવમંજિલ ઉન્હી કો મિલતી હૈ, જિનકે સપનોં મેં જાન હોતી હૈ, પંખોં સે કુછ નહી હોતા, હોંસલોં સે ઉડાન હોતી હૈ !આજના ભૌતિકવાદી યુગમાં જયારે દરેક વ્યક્તિ સફળતાના શિખરો સર કરવા અંધાધૂંધ દોડી રહી છે, ત્યારે આપણે ઘણીવાર એ મૂળભૂત સત્ય ભૂલી જઈએ છીએ કે સફળતા એ કોઈ અંતિમ મંઝિલ નથી, પણ એક અવિરત અને રોમાંચક મુસાફરી છે. યુવાનીનો ઉંબરો ઓળંગતા જ આજના યુવાનો સામે અપેક્ષાઓનો એક એવો પહાડ ઊભો કરી દેવામાં આવે છે, જેની નીચે કયારેક સપનાઓ દબાતા લાગે છે. સમાજની નજરો, સગાં – સંબંધીઓના ટોણા અને સોશિયલ મીડિયા પર દેખાતી બીજાની ઝાકઝમાળ વચ્ચે યુવા હૈયાઓ ઘણીવાર મૂંઝવણની ગર્તામાં ધકેલાઈ જાય છે. આ મૂંઝવણના સમયે જ બહારના કોલાહલને શાંત કરી પોતાના અંતરાત્માનો અવાજ સાંભળવો અનિવાર્ય છે. દુનિયાનો એ દસ્તૂર રહ્યો છે કે જયારે તમે કંઈક નવું કે વિશિષ્ટ કરવાનો પ્રયત્ન કરશો ત્યારે લોકો પહેલા તમારી મજાક ઉડાવશે, પછી તમારો વિરોધ કરશે, પણ જો તમે તમારી ધગશમાં અડગ રહીને લક્ષ્ય તરફ આગળ વધતા રહેશો, તો અંતે એ જ લોકો તમારી સફળતાના ગુણગાન ગાતા થાકશે નહી.

આપણે એ ગહન સત્ય સમજવાની જરૂર છે કે પ્રકૃતિમાં દરેક ફૂલના ખીલવાની મોસમ અલગ હોય છે; કોઈ વહેલું ખીલે છે તો કોઈ મોડું, પણ દરેકનું સૌંદર્ય અજોડ હોય છે. બીજાની સફળતા જોઈને હતાશ થવા કરતાએ આત્મમંથન કરવું જરૂરી છે કે આપણે ગઈકાલના આપણા પોતાના વર્ઝન કરતા આજે કેટલા બહેતર બન્યા છીએ. નસીબ કે તક કદાચ કોઈના દરવાજે વહેલી દસ્તક દેતી હશે, પણ મહેનત અને સાતત્ય એક એવી ચાવી છે જે ગમે તેવા મજબૂત અને કાટ ખાઈ ગયેલા તાળાં પણ ખોલી શકે છે. યાદ રાખજો કે નસીબના પાના કદાચ કોરા હોઈ શકે, પણ મહેનતની શાહીથી આખો ઈતિહાસ સુવર્ણ અક્ષરે લખી શકાય છે. જે પથ્થર ટાંકણાના અસહ્ય ઘા ધૈર્યપૂર્વક સહન કરે છે તે જ શિલ્પ બનીને મંદિરમાં પુજાય છે, અને જે યુવાન સંઘર્ષના તાપમાં તપે છે તે જ સફળતાનો મધ્યાહ્ન સૂરજ બનીને આખા જગતને પ્રજવલિત કરે છે.નિષ્ફળતા એ કયારેય જીવનનો અંત કે હાર નથી, પણ એ વાતની સાબિતી છે કે તમે જીતવા માટે પ્રામાણિક પ્રયત્ન કર્યો છે. જે લોકો કયારેય પડયા જ નથી, તેઓ કયારેય દોડવાની અસલી મજા કે જીતનો સાચો આનંદ માણી શકતા નથી. નિષ્ફળતા એ વિરામ નથી, પણ તમારી ક્ષમતાઓને ધાર કાઢવાની અને તમારી નબળાઈઓને શક્તિમાં ફેરવવાની એક સુવર્ણ તક છે. મંજિલ મળે કે ન મળે, પણ તમારી જીવવાની અને લડવાની રીત એવી ખુમારીભરી હોવી જોઈએ કે આખી દુનિયા તમારા સંઘર્ષને આદરપૂર્વક સલામ કરે. આજના યુવાવર્ગે એ સમજવું પડશે કે શોર્ટકટથી મળેલી પ્રસિદ્ધિ પાણીના પરપોટા જેવી ક્ષણભંગુર હોય છે, જયારે લોહી – પરસેવાથી સિંચાયેલી સફળતા વડલા જેવી મજબૂત,ગંભીર અને લાંબી આયુ ધરાવતી હોય છે. અંતે તો, તમારી જાત પરનો અડગ વિશ્વાસ જ તમારી સૌથી મોટી સંપત્તિ અને હથિયાર છે. જયારે આખી દુનિયા તમારી વિરૂદ્ધ ઊભી હોય, ત્યારે પણ જો તમને તમારા કાર્ય અને તમારા હેતુ પર અતૂટ ભરોસો હોય, તો માની લેજો કે અડધી જંગ તમે ત્યાં જ જીતી ગયા છો. યાદ રાખજો કે મહાન સફળતા હંમેશા અનુભવમાંથી જન્મે છે અને શ્રેષ્ઠ અનુભવ હંમેશા સંઘર્ષના કપરા કાળમાંથી જ મળે છે. માટે મુશ્કેલીઓથી કયારેય ડરશો નહીં કે પાછા ન પડશો, કારણ કે એ કાંટાળી કેડીઓ જ તમારી સફળતાની સાચી સીડી બનશે. તમારી મહેનતને જ તમારૂં વ્યક્તિત્વ અને તમારી ઓળખ બનાવો, કારણ કે નસીબના સિતારા બદલાય કે ન બદલાય, પણ તમારી પ્રચંડ મહેનત ચોક્કસપણે તમારો ઈતિહાસ અને તમારી આવતીકાલ બદલી નાખશે. હવાઓં કે ભરોસે મત ઉડ, ચટ્ટાનેં તુફાનોં કા રૂખ મોડ દેતી હૈ, અપને પંખોં પર ભરોસા રખ, હવાઓં કે ભરોસે તો પતંગે ઉડા કરતી હૈ !તો.આકાશ અને ધરા બન્ને એક ઈવેન્ટ કંપનીમા એક સાથે જોબ કરતા. મધ્યમવર્ગીય કુટુંબમાંથી આવતા બન્ને પોતાના પરિવારની જવાબદારીઓ ઓછી કરવા માથી રહ્યા હતા. બન્ને એક ઓફિસમા સાથે કામ કરતા હોવાથી બન્ને વચ્ચે વાતચિત્ત અને ત્યારબાદ મિત્રતાનો દોર શરૂ થયો. આકાશને ખબર પડી કે, ધરાને સાંજે ઘરે જવા માટે સમયસર બસ કે રીક્ષા મળતી નથી, તેથી તેણે ધરાને પોતે મૂકી જવાનું નક્કી કર્યુ. ધરાએ અનેક આનાકાની કરી, પણ આકાશ સામે તેનું ચાલ્યું નહીં. આકાશ અને ધરાનું ઘર એક રસ્તે હોવાથી, હવે દરરોજ બન્ને સાથે આવતા જતા.રસ્તામા અનેક વાતો અને દલીલો થતી. ધીમેધીમે તેમની મિત્રતા વધુને વધુ ઘેરો રંગ લઈ રહી હતી. ઘણીવાર ઓફિસેથી પાછા ફરતા કયારેય ચા, કોફી કે પાણીપુરી પણ સાથે ખાતા.તેમની મૈત્રી કયારે પ્રેમમા પરિવર્તિત થઈ ગઈ તેનો બંનેને ખ્યાલ ના રહ્યો.વસંતપંચમીનો દિવસ હતો. આકાશ ધરાને મુકવા તેના ઘર તરફ જઈ રહ્યો હતો. ત્યારે અચાનક આકાશે રસ્તા પર બાઈક રોકીને ધરાને પ્રપોઝ કરી. ધરાને ઘણા સમયથી એવી આશંકા તો હતી જ, કે આકાશ તેને પ્રેમ કરે છે. પરંતુ તેની આશંકા આજે સત્યમા પરિણમી હતી. ધરાએ આકાશ પાસે એક મહિનાનો સમય માંગ્યો. એક દિવસ આકાશ ઓફિસે ન આવતા, ધરાને તેની કમી મહેસુસ થવા લાગી. તેને આકાશ પ્રત્યેની તેની ભીની લાગણીનો અહેસાસ થયો. બીજે દિવસે જયારે આકાશ ઓફિસે આવ્યો, ત્યારે ધરાએ તેના પ્રેમ પ્રસ્તાવને તરત જ સ્વીકારી લીધો. પછી બંને યુવા હૃદય સાથે હરતા ફરતા અને સુખી દાંપત્ય જીવનનાનમણા સપનાઓ સેવતાએક દિવસ આકાશ અને ધરા બન્ને ફરવા જવાના હતા. ધરાએ અડધી કલાક આકાશની રાહ જોઈ. ત્યારબાદ ધરાએ આકાશને ફોન કર્યો. આકાશ ચાર પાંચ રિંગ પૂરી થઈ ગયા બાદ પણ ફોન ન ઉપાડતા, ચિંતાતુર ધરા તેના ઘરે જઈ પહોંચી. ઘરમાં પગ મુકતા જ તેણે જોયું કે, આકાશના મમ્મી રડી રહ્યા હતા. ઘરના સર્વ ચિંતાતુર હતા. આકાશ અંદરથી રૂમનો દરવાજો ખોલી ના રહ્યો હતો, અને કંઈ જવાબ પણ ના આપી રહ્યો હતો. અંતે રૂમનો દરવાજો તોડી સૌ અંદર ગયા. અંદરનું દ્રશ્ય જોઈને સૌ કોઈ આવાક રહી ગયા. આકાશ બેભાન અવસ્થામા હતો, તેના મુખ માથી ઘણું લોહી વહી ગયું હતું. કોઈને કંઈ સમજાયું નહીં. ધરા તો આકાશને જોઈને સ્થબ્ધ થઈ ગઈ.આકાશને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો. હોસ્પિટલમાં કલાકોના નિદાન અને સીટીસ્કેનના રિપોર્ટ બાદ જાણવા મળ્યું કે, આકાશને લીવર બ્લોકેજ નામની ગંભીર બીમારી છે. ડોકટરે આ બીમારીને ગંભીર બીમારી ગણાવી. આ બીમારી તેને વારસામાં મળી હતી. આજે પચ્ચીસ વર્ષ બાદ ડિટેકટ થતા ખબર પડી હતી. અઠવાડિયા સુધી આકાશની હોસ્પિટલમા સારવાર ચાલી, ધરા આકાશની ખૂબ સેવા કરી હતી. આ રોગની ગંભીરતા જણાવતા ડોકટરે કહ્યું કે, અન્નનળીમા કાળા પડી ગયા છે, ઓપરેશન કરાવવું પડશે. અને ઓપરેશનબાદ દર વર્ષ એન્ડ્રોસ્કોપી કરાવવાની રહેશે. ડોકટરની વાત સાંભળી ધરા ચિંતામા પડી ગઈ હતી.ઓફિસમાં બધાને લાગતું હતું કે, ધરા હવે બ્રેકઅપ કરી લેશે.પરંતુ ધરાને તો બ્રેકઅપનો સપને પણ વિચારના આવ્યો. ધરા પોતાની જાતને આકાશ સાથે જીવનભર રહેવા માટે વધુને વધુ મક્કમ બનાવતી ગઈ. ધરા ના મતે પ્રેમની પરિભાષા એકમેકને જન્મોજનમાંતરનો સાથ નિભાવવાની હતી.આકાશને દસ દિવસ બાદ હોસ્પિટલમાથી રજા આપવામાં આવી. ઘરે આવીને ધરાએ આકાશ સામેં લગ્ન માટે પ્રસ્તાવ મુકયો. અને પોતાના પેરેન્ટસને આકાશના ઘરે વાત કરવા મોકલ્યા. આકાશે ધરાને પોતાની બીમારીની ગંભીરતા સમજાવીને બીજા કોઈ છોકરા સાથે લગ્ન કરી લેવા સમજાવી. પરંતુ ધરા એકની બે ના થઈ.તેણે આકાશને સામે પ્રશ્ન કર્યો કે,તારી જગ્યા એ મને આવી બીમારી લાગુ પડી હોત તો તું મને છોડીને ચાલ્યો જાત ? – અને આકાશ તેના પ્રશ્ન સામે નિ : શબ્દ બની ગયો.અંતે આકાશ અને ધરા લગ્નરૂપી ક્ષિતિજે એક થયા. નિયમિત પરેજી અને દવાને કારણે આકાશના તબિયતમા ૯૦ % જેટલી રિકવરી આવી ગઈ. અને બન્નેના જીવનમાંથી ચિંતા અને આફતના વાદળો સમી ગયા. ત્યાં જ ધરા અને આકાશના પ્રેમની કસોટી લેવા કોરોના આવી ગયો. લોકડાઉન થઈ ગયું. ઘર અને દવાના ખર્ચા કાઢવા પણ મુશ્કેલ થયા. ધંધો પાણી ઠપ થઈ ગયા. બન્નેની નોકરી છૂટી ગઈ. પરંતુ આ તો ધરા હતી..! તે આફતો સામે તે પણ ના તૂટી અને આકાશને પણ ના તૂટવા દીધો. તેમણે બન્નેએ મળીને સેનિટાઈઝર, જંતુનાશક દવાઓ તથા માસ્કનો વ્યવસાય શરૂ કર્યો. પોતાના દાગીના પર ગોલ્ડન લોન લઈને આકાશને આર્થિક રીતે નબળો ના પડવા દીધો. અને પોતાના જીવનની ગાડીને ફરી પાટે ચડાવી.

લેખક : એન્જી... હાર્દિક ચંદારાણા, સંપર્ક : + ૯૧ ૭૨૧૧૧ ૫૫૫૭૩,ઈ–મેઈલ : hchanadarana@gmail.com,
આભાર સહ,

પાના ૧ ઉપરનું ચાલું
## ફતેપુર ખાતે પૂ. ભોજલરામબાપાનાં મંદિરનો

ફતેપુર ગામમાં પ્રથમ આશ્રમનો ઓરડો ચણેલ તે અતિ પવિત્ર ભૂમી, ભોજલધામ એટલે ફતેપુરમાં ધરમની ધજા ફરકાવતી સદગુરૂદેવ પૂ. ભોજાભકતની જગ્યા છે જયા ૨૦૦ વર્ષથી પૂ. ભોજલરામબાપાના સ્મૃતિ ચિન્હો ઢોલિયો, પાઘડી, માળા તથા કંકુ પગલા પૂજાય છે, તેમની માનતાઓ થાય છે.

કલ્યાણકારી પ્રવૃત્તિઓ જોવા જઈએ તો **પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (દવાખાનું) :** શ્રી ભોજા ભગત સ્મૃતિ ટ્રસ્ટ તરફથી ફતેપુર ગામને ગોંદરે એક સુંદર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (દવાખાનું) બાંધવામાં આવ્યું છે. જેમાં ફતેપુર તથા આજુબાજુના ગામનાં દર્દીઓ જ્ઞાતિ–જાતિના ભેદભાવ વિના સેવાનો લાભ લઈ રહયા છે. **અન્નદાન :** ભોજલધામ ફતેપુરમાં આવતા યાત્રાળુઓને ભોજન–પ્રસાદ આપવા માટે રૂા. ૨૫ લાખના ખર્ચે એક સુંદર અન્નક્ષેત્રના હોલનુ બાધકામ કરવામાં આવેલ છે. **અતિથિગૃહ :** ભોજલધામમાં આવતા સાધુ, સંતો તથા યાત્રાળુઓ માટે 'ભોજલરામ અતિથિગૃહ' તથા વિદેશથી આવતા યાત્રાળુઓ માટે આધુનીક 'રામેતવન ગેસ્ટ હાઉસ' ની વ્યવસ્થા ભોજાભગત ચેરી. ટ્રસ્ટ તરફથી કરવામાં આવેલ છે. **સાહિત્ય :** શ્રી ભોજાભકતના 'ચાબખા' નામના સચોટ પદોએ સમાજની અજ્ઞાન, અંધશ્રધ્ધા, દંભ, પાખંડ, વહેમના ઝાળાઓને ખંખેરી નાખ્યા છે. તેવા જ્ઞાની ભકત કવિના સાહિત્યનો સમાજમાં ફેલાવો થાય અને તે દ્વારા સમાજનો આધ્યાત્મિક વિકાસ થાય અને ત્રિવિધ તાપથી મુંઝાય મરતા સામાન્ય માનવીઓને સદમાર્ગે વાળીને તેમનામાં ધાર્મિક ભાવના ઉંચી કરવા સાહિત્યનું પ્રકાશન કરવામાં આવે છે. **અન્ય પ્રવૃતિઓ :** કુદરતી આફતો વખતે સમાજ સેવા વિદ્યાકીય પ્રવૃત્તિઓ ગૌસેવા, નેત્રયજ્ઞ, નિદાન કેમ્પ, સંત સમાગમ, ધર્મ સંમેલન અને ભજનો વિગેરે સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક, ત્રણેય પ્રકારની પ્રવૃતિઓ કરી તેનો વિસ્તાર વધારવો.

ભોજલધામ મંદિર નિર્માણની માહિતી : ૧,૦૦,૦૦૦ ઘનફુટ ગુલાબી પથ્થર અને ેત આરસના સંયોજનથી બન્યું ભવ્ય મંદિર. બે માળના આ ભવ્ય મંદિરની લંબાઈ ૯૫ ફુટ તથા પહોળાઈ ૮૫ ફુટ છે. ત્રણ શિખર, ચાર રંગમંડપ, બાર સામરણ મંદિરને સુશોભિત કરશે. કુલ ૧૨૨ થાંભલા તથા ૪૧ મુખ્ય થાંભલામાં ૨૮૪ મૂર્તિઓનુ થયુ છે કંડાર કામ, જેમા ભગવાન વિષ્ણુના અવતાર તથા ગુજરાતના સંતો તેમજ દેવી દેવતાઓની મૂર્તિઓનો સમાવેશ થાય છે. મંદિરની ચારે તરફ આઠ દિશાના દેવની મૂર્તિઓ, મુખ્ય રંગમંડપમાં અષ્ટ સરસ્વતી તથા અષ્ટ લક્ષ્મીજીની મૂર્તિઓનુ થયુ છે કંડારકામ. ૮૦ ફુટ લંબાઈ તથા પહોળાઈ ૮૫ ફુટના મંદિરમાં બનશે ભવ્ય મ્યૂઝિયમ. ભોજલધામના ભાવિ આયોજનની વાત કરીએ તો મંદિર ઉપર ધાતુનું ભવ્ય અને દિવ્ય શ્રીયંત્ર બનાવાશે તથા વિના સૌથી મોટા શ્રીયંત્રનો વર્લ્ડ રેકોર્ડ સ્થપાશે. આ શ્રીયંત્રના દાતા બનનારનું મંદિર નિર્માણની તકતીમાં નામ આપવામાં આવશે આ અવસર જીવનમાં બીજીવાર નહી મળે. ભોજલધામના ભાવિ આયોજનમાં સુંદર અતીથીગૃહનું સને–૨૦૨૭માં ભવ્ય આયોજન કરવામાં આવશે રૂમના દાતા બનવા માટે શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટે સંપર્ક કરવા જણાવાયું છે.

ભોજલધામના દર્શનીય સ્થાનક **પૂ.બાપાના સ્મૃતિ ચિહનો** – સદ્‌ગુરૂદેવ પૂ. ભોજલરામબાપાનાં સ્મૃતિ ચિહનો ઢોલિયો, પાઘડી, માળા, કંકુપગલા પૂજાય છે. જેની માનતાઓ થાય છે. આજ મંદિરમાં ભોજલરામબાપાની પંચ ધાતુથી બનેલ ૨૧૦૦ કિલોની ભવ્ય મૂર્તિ તથા પૂ. જલારામબાપા તથા પૂ. વાલમરામબાપાની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવશે. **વિષ્ણુ ભગવાન, લક્ષ્મીજી**–વિષ્ણુ ભગવાન તથા લક્ષ્મીજીની ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવશે. **રામજી મંદિર** – પૂ. ભોજા ભગતના મંદિરમાં આવેલ રામજી મંદિર. ભગવાન રામની મૂર્તિનો કલર શ્યામ છે જે શ્યામમૂર્તિના દર્શન દુર્લભ છે. શ્યામ મૂર્તિના દર્શન કલ્યાણકારી મનાય છે. **સ્વયંભૂ હનુમાનજી**–સ્વયંભૂ પ્રગટેલ હનુમાનજીની ભવ્ય અને ચમત્કારી મૂર્તિ છે. ગુજરાત સૌરાષ્ટ્રમાં કોઈ સ્થળે આવી વૈજયંતિ માળા ધારણ કરેલી, માનવ કદની મૂર્તિના દર્શન દુર્લભ છે. (આ દિવ્ય મૂર્તિની સ્થાપના પૂ.ભોજલરામબાપાએ સ્વહસ્તે કરેલ). **ભોજા ભગતની ઘંટી–** ભોજલરામ બાપા જે ઘંટીથી લોટ દળી ભુખ્યાને રોટલો આપતા. આજે આ ઘંટી બાપાના મંદિરમાં છે. જે બાપાના ધામમાં ૨૦૦ વર્ષથી ચાલતા અન્નક્ષેત્રની યાદ અપાવે છે. **દ્વારકાધીશ**–દ્વારકામાં બિરાજીત ભગવાન દ્વારકાધીશની મૂતિની પ્રતિરૂપ મૂતિની પ્રતિષ્ઠા કરવામાં આવશે. **સ્વયંભૂ શિવલિંગ**– પૂજય ભોજલરામ બાપાની જગ્યામાં આવેલ પ્રસાદીના લીમડાના વૃક્ષ નીચેથી સ્વયંભૂ શિવલિંગ પ્રગટેલ જે મંદિરમાં શિવ પંચાયત સાથે શોભાયમાન છે. (આ દિવ્ય શિવલિંગની સ્થાપના પૂ.ભોજલરામબાપાએ સ્વહસ્તે કરેલ). **શ્રી કૃષ્ણ**–ગાલોળિયા નદીમાં થાળીમાં વહેતી મૂકેલી શ્રી કૃષ્ણની મૂર્તિ સામે પાણીએ તરીને આવી પછી તેને મંદિરમાં પધરાવી. ભોજા ભગત આ મૂર્તિની સેવા પૂજા કરતાં. આજે ફતેપુરમાં ભોજા ભગતની જગ્યામાં આ મૂર્તિની પૂજા થાય છે. **ગણેશજી**– સિદ્ધિવિનાયક ગણેશજીની ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવશે. **ભોજા ભગતનો વીરડો**–યાત્રાધામ ભોજલધામના પાદરે નીકળતી ઠેબી નદીમાં જયાં ભોજા ભગત નિત્ય નહાવા જતાં ત્યારે એમ કહેવાય છે કે ગંગાજી પ્રગટ થતા ત્યાં આજે ભોજા ભગતનો વીરડો છે. તેમાં પાણી કયારેય સૂકાતુ નથી. ૧૯૮૬ના દુષ્કાળમાં પણ ત્યાં મીઠું પાણી હતું. જાણે કે ગંગાજી પ્રગટ થયા. જેટલું પાણી ઉલેચે તેટલું ફરી આવી જાય.

ત્રિદિવસીય કાર્યક્રમમાં વિ વંદનીય સંતો પ.પૂ. શ્રી વલકુબાપુ (મહંતશ્રી દાનબાપુની જગ્યા–ચલાલા), પ.પૂ. શ્રી અમરગીરી બાપુ(ગરાળ), પ.પૂ. શ્રી ગોરધનબાપા (ઉગમ ફોજ–બાંદરા), પ.પૂ. શ્રી કરશનદાસ બાપુ (મહંતશ્રી પરબધામ), પ.પૂ. શ્રી શેરનાથબાપુ (મહંતશ્રી ગોરક્ષ આશ્રમ–જુનાગઢ), પ.પૂ. શ્રી રઘુરામબાપા (મહંતશ્રી જલારામબાપાની જગ્યા–વીરપુર), પ.પૂ. શ્રી જયંતિબાપા (ઉગમ ફોજ–ભેડાપીપળીયા), પ.પૂ. શ્રી જેરામબાપુ (તુલસી આશ્રમ–બાદલપુર), પ.પૂ. શ્રી કૃષ્ણમણિજી મહારાજ (શ્રી પનવતનપુરી ધામ–જામનગર), પ.પૂ. શ્રી વિજયબાપુ (મહંતશ્રી આપાગીગા ધામ– સતાધાર), પ.પૂ. શ્રી કેતનબાપુ (મહંતશ્રી વાલમરામધામ–ગારીયાધાર), પ.પૂ. શ્રી ગંગાદાસબાપુ (મહંતશ્રી રામકુંડ–ભરૂચ), પ.પૂ. શ્રી રાધાકૃષ્ણ શાસ્ત્રી (સુપ્રસિપ્રધ કથાકારશ્રી–રામપર),પ.પૂ. શ્રી દુર્ગાદાસબાપુ (મહંતશ્રી લાલજી મહારાજની જગ્યા), પ.પૂ. શ્રી જેરામબાપુ (મહંતશ્રી આપાગીગા ગાદી મંદિર–બગસરા), પ.પૂ. શ્રી બાબુરામબાપુ (મહંતશ્રી ધના ભકતની જગ્યા–ધોળા), પ.પૂ. શ્રી હીંમતબાપા (ઉગમ ફોજ–સુરત), પ.પૂ. શ્રી ઉમાબા (રામાપીર આશ્રમ–સુરત), પ.પૂ. શ્રી મુળદાસબાપુ (મહંતશ્રી રામમઢી–સુરત), પ.પૂ. શ્રી લવજીબાપુ (ખોડીયાર મંદિર–નેસડી), પ.પૂ. શ્રી હરીબાપુ (કોઠારીશ્રી આપાગીગા ગાદી મંદિર–બગસરા), પ.પૂ શ્રી શંકર મહારાજ (સુપ્રસિધ્ધ કથાકારશ્રી–રાજકોટ), પ.પૂ. શ્રી રઘુવીરદાસ (રામજી મંદિર–જુનાગઢ ), પ.પૂ. શ્રી ભકિતરામબાપુ (માનવ મંદિર–સાવરકુંડલા), પ.પૂ. શ્રી ગુણવંતબાપુ (મહંતશ્રી રામદેવપીરની જગ્યા–ધાર), પ.પૂ. નરેશદાદા ત્રિવેદી (સુપ્રસિધ્ધ કથાકારશ્રી–સુરત), પ.પૂ. શ્રી ચંદ્રેશભાઈ કે. જોશી (સુપ્રસિધ્ધ કથાકારશ્રી–લીલીયાવાળા), પ.પૂ. શ્રી બાલકદાસબાપુ (રામાપીર આશ્રમ–પાડરસીંગા) ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે અને આર્શીવચન પાઠવશે.

ત્રિદિવસીય મહોત્સવ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો, જીલ્લા તથા તાલુકા કક્ષાના પ્રમુખો, સહકારી અગ્રણીઓ, રાજકીય મહાનુભાવો, સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ, સમાજના વરિષ્ઠ અગ્રણીઓ તથા અનેક શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે.

ત્રિદિવસીય મહોત્સવ અને મંદિરના નિર્માણના મુખ્ય દાતા અને ઉદઘાટકો ગૌભકત સ્વ. વાલજીભાઈ દેવશીભાઈ પરસાણા પરિવાર, મુકેશભાઈ એન. સાવલીયા (ફતેપુર વાળા–સુરત), ગીરીશભાઈ પટેલ (અમેરિકા), વ્રજલાલ સાવલીયા (ફતેપુરવાળા–સુરત), મહેશભાઈ સાવલિયા (આલ્ફા ગ્રુપ–રાજકોટ), કિશોરભાઈ કીકાણી, મનસુખભાઈ સાવલીયા (વ્રજ ડેવલોપર્સ–રાજકોટ), વસંતભાઈ ગજેરા (સુરત), ગુણવંતભાઈ કે. માંડાણી (બોરાળા વાળા–સુરત), જયંતિભાઈ બાબરીયા (એકલેરાવાળા–સુરત) રહેશે.

ત્રિદિવસીય કાર્યક્રમના ભોજન–પ્રસાદના મનોરથી પ.પુ. જલારામબાપાની જગ્યા (વીરપુર), હવનના મુખ્ય દાતા ગીરીશભાઈ પટેલ (અમેરિકા), ભગવાનના પ્રથમ શણગારના દાતા મુકેશભાઈ સાવલીયા (સુરત), રામલીલાના મુખ્ય દાતા નરેન્દ્રભાઈ ભીખુભાઈ રાદડીયા (અમેરિકા), અન્નકુટના મુખ્ય દાતા મનુભાઈ લવજીભાઈ સાવલીયા (ફતેપુર, હાલ–ગાંધીનગર), વીડિયો શુટીંગના દાતા દીનેશભાઈ કાનપરીયા (વિઠલપુર ખંભાળીયા), મહોત્સવ માટે જમીન જગ્યા સેવા ચતુરભાઈ કાનપરીયા (ફતેપુર), વ્રજલાલ સાવલીયા (ફતેપુર), ઉજવલભાઈ સાવલીયા (ફતેપુર), નિતિનભાઈ રાજપરા (અમરેલી), દયાળભાઈ સંઘાણી (અમરેલી), કંકોત્રીના દાતા નીતીનભાઈ વઘાસીયા (જસદણ), મંડપ ગેટના મુખ્ય દાતા અશોકભાઈ જોગાણી (ગણેશ પાર્ટી પ્લોટ–અમરેલી), હવન માટે ઘીના દાતા સાહીલભાઈ સાવલીયા (રાજકોટ), જયસુખભાઈ સાવલીયા (અમૃતવેલ) વાળા રહેશે.

ત્રિદિવસીય કાર્યક્રમમાં **તા. ૦૪–ફેબ્રુઆરી બુધવાર**ના રોજ રકતદાન કેમ્પનું ઉદ્‌ઘાટન સવારના ૮:૦૦ કલાકે, મૂર્તિઓની નગર યાત્રા સવારના ૯:૦૦ કલાકે, ભોજન પ્રસાદ બપોરના ૧૨:૦૦ કલાકે, ધર્મસભા તથા શ્રી રામલીલા નાટક બપોરના ૩:૩૦ કલાકે, લાઈટ શો તથા સાઉન્ડ શો સાંજના ૭:૦૦ થી ૮:૦૦, ભોજન પ્રસાદ સાંજના ૭:૩૦ થી ૯:૦૦ તથા સુપ્રસિદ્ધ કલાકારો હિતેશભાઈ અંટાળા, ફરિદાબેન મીરનો ભજન સંતવાણી રાત્રીના ૯:૦૦ કલાકે યોજાશે.

**તા. ૦૫–ફેબ્રુઆરી ગુરૂવાર**ના રોજ મહા યજ્ઞ સવારના ૮:૦૦ કલાકે, ભોજન પ્રસાદ બપોરના ૧૨:૦૦ કલાકે, ધર્મસભા તથા શ્રી રામલીલા નાટક બપોરના ૩:૩૦ કલાકે, લાઈટ શો તથા સાઉન્ડ શો સાંજના ૭:૦૦ થી ૮:૦૦, ભોજન પ્રસાદ સાંજના ૭:૩૦ થી ૯:૦૦ તથા સુપ્રસિદ્ધ કલાકારો માયાભાઈ આહીર, અલ્પાબેન પટેલની ભજન સંતવાણી રાત્રીના ૯:૦૦ કલાકે યોજાશે.

**તા. ૦૬–ફેબ્રુઆરી શુક્રવાર**ના રોજ મૂર્તિ તથા ધ્વજદંડ સ્થાપન વિધી બપોરના ૧૧:૦૦ કલાકે, મૂર્તિ પ્રતિષ્ઠા બપોરના ૧૨:૦૦ કલાકે, મહાઆરતી બપોરના ૧:૦૦ કલાકે, અન્નકૂટ દર્શન બપોરના ૧:૧૦ કલાકે, ભોજન પ્રસાદ બપોરના ૧:૨૦ કલાકે, ભોજલ કથા સાંજના ૪:૦૦ થી ૭:૦૦, ભોજન પ્રસાદ સાંજના ૭:૦૦ થી ૯:૦૦, ભવ્ય આતશબાજી રાત્રીના ૮:૩૦ કલાકે તથા સુપ્રસિદ્ધ કલાકારો શ્રુતિબેન પટેલ, મિહિરભાઈ સાવલિયા સ્વરમાં મહા રાસગરબા રાત્રીના ૯:૦૦ કલાકે યોજાશે.

તા. ૪ તથા તા. ૫ બપોરે ૩:૩૦ કલાકે રામલીલા ઉપર ભવ્ય નૃત્ય નાટકનું આયોજન જેમાં ભગવાન રામના જીવન પર જીજીબેન ગર્લ્સ સ્કૂલ–અમરેલી દ્વારા ભવ્ય નાટક ભજવવામાં આવશે. આ ભવ્ય તથા દિવ્ય નાટકને નિહાળવા શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જાહેર જનતાને ભાવભર્યુ આમંત્રણ આપવામાં આવ્યું છે.

તા. ૬/૨/૨૦૨૬ના રોજ સંતશ્રી જલારામબાપાના ભકતો દ્વારા ૧૦ ફુટનો રોટલો સ્થળ પર બનાવી સમર્થ ગુરૂદેવ પૂ. ભોજલરામબાપાના ચરણોમાં બપોરના ૧–૦૦ કલાકે અર્પણ કરી બાપાના આશિર્વાદ મેળવી વર્લ્ડ રેકોર્ડ સ્થાપશે. આ આયોજન શ્રી જલારામ સેવા શ્રમ ટ્રસ્ટ–જામનગરના નેજા હેઠળ તમામ બાપાના ભકતોની ઉપસ્થિતિમાં સંપન્ન થશે.

તા. ૬/૨/૨૦૨૬ના રોજ બપોરે ૪ કલાકે લોક સાહિત્યકાર મનસુખભાઈ વસોયાના સ્વરમાં ' ભોજલ કથા'નું ભવ્ય આયોજન જેમાં ગુરૂ મહિમાના પ્રસંગોને પણ વણી લેવામાં આવેલ છે.

ત્રિદિવસીયકાર્યક્રમમાં દર્દીનારાયણના લાભાર્થે રકતદાન કેમ્પનું આયોજન કરાયું છે જેમાં રકતદાન કરી અમુલ્ય માનવ જિંદગી બચાવવા ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે.

શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા 'ભોજલ ધામ' અમરેલીના ફતેપુર ગામે પ્રાતઃ સ્મરણીય પૂ. ભોજલરામ બાપાના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પાવન અવસરે ત્રિદિવસીય ભવ્ય કાર્યક્રમમાં પધરાવા જાહેર જનતાને શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

પૂ. ભોજલરામ બાપાના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પાવન અવસરે ત્રિદિવસીય ભવ્ય કાર્યક્રમ મું. ફતેપુર, તા.જી. અમરેલી ખાતે પહોંચવા માટે અમરેલીથી તમામ પ્રકારના વાહનો સરળતાથી મળી રહેશે.

પૂ. ભોજલરામ બાપાના ભવ્ય મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પાવન અવસરે યોજાનાર ત્રિદિવસીય ભવ્ય કાર્યક્રમની વિશેષ માહિતી માટે નિખીલભાઈ સાવલિયા મો. ૯૪૨૮૬ ૧૫૫૧૧, મો. ૯૭૨૫૨ ૧૯૭૬૧ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૦ | ૧૫૩૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ૩ | શિંગ મોટી | ૧૨૨૦ | ૧૫૭૫ |
| ૪ | શિંગદાણા | ૧૪૩૦ | ૨૦૦૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૫૨૫ | ૧૯૪૦ |
| ૬ | તલ સફેદ | ૧૦૮૦ | ૨૨૫૦ |
| ૭ | તલ કાળા | ૨૫૭૦ | ૪૧૪૫ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૧૭૫ | ૨૧૭૫ |
| ૯ | જુવાર | ૩૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૭૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૦ |
| ૧૨ | મકાઈ | ૪૦૫ | ૪૨૦ |
| ૧૩ | અડદ | ૧૨૭૫ | ૧૪૦૦ |
| ૧૪ | ચણા | ૭૬૦ | ૧૦૭૫ |
| ૧૫ | સફેદ ચણા | ૯૦૦ | ૧૦૫૫ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૬૬૦ |
| ૧૭ | કપાસ | ૭૦૦ | ૧૬૨૫ |
| ૧૮ | એરંડા | ૧૧૫૫ | ૧૨૭૦ |
| ૧૯ | જીરૂ | ૨૧૦૦ | ૪૫૨૫ |
| ૨૦ | ધાણી | ૧૩૫૦ | ૨૦૫૦ |
| ૨૧ | અજમા | ૧૧૦૦ | ૨૪૬૦ |
| ૨૨ | મેથી | ૭૫૦ | ૯૪૦ |
| ૨૩ | સોયાબીન | ૯૦૦ | ૧૦૯૫ |
| ૨૪ | મરચા લાંબા | ૧૬૮૦ | ૬૦૫૦ |
| ૨૫ | નવી ધાણી | ૧૨૦૦ | ૧૮૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૦ | ૧૬૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૮૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી | ૧૨૨૫ | ૧૫૫૫ |
| ૪ | તલ સફેદ | ૧૬૩૦ | ૧૮૬૦ |
| ૫ | જીરૂ | ૩૨૩૦ | ૪૪૬૦ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૬૫ |
| ૭ | ચણા | ૯૨૩ | ૧૦૫૭ |
| ૮ | તુવેર | ૧૦૦૫ | ૧૫૧૫ |
| ૯ | સોયાબીન | ૭૮૫ | ૯૯૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## વડિયાનાં બીએલઓ, પત્રકાર,

ફોર્મ સામે હાલ બીએલઓ દ્વારા ખરાઈ કરવામાં આવી રહી છે. પરંતુ આ સમગ્ર સાત નંબરના ફોર્મમાં ભાજપ સાથે સંકળાયેલ વડિયા વિસ્તારના આગેવાનોના નામે અમરેલી તાલુકા અને શહેરમાં વાંધા અરજીઓ અપાઈ છે. જયારે વડિયા વિસ્તારમાં અમરેલી શહેર અને તાલુકાના આગેવાનોના નામે અરજીઓ થઈ છે. મોટાભાગે આ સાત નંબરમાં મુસ્લિમ સમાજના લોકોને જ ટાર્ગેટ કરવામાં આવ્યા છે. નવાઈની વાત એ છે કે વડિયામાં જે મતદારો સામે સાત નંબરના ફોર્મથી અરજીઓ કરવામાં આવી છે તેવા લોકોમાં સરકારી કર્મચારીઓ, પત્રકાર, પેન્શનર, ગ્રામ પંચાયત સદસ્ય અને જે મહિલા બીએલઓ તરીકે કામગીરી કરી રહ્યા છે તેમનું નામ પણ સાત નંબરમાં છે. ત્યારે આવા લોકો જે વડિયા ગામમાં વર્ષોથી વસવાટ કરી અનેક પ્રવુત્તિઓ સાથે જોડાયને પોતાની સેવા આપે છે તે લોકોને ટાર્ગેટ કરનાર અને તંત્રને ખોટા ગેરમાર્ગે દોરનાર આવા અરજદારો સામે કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ તેવી આ તમામ લોકોની લોક માંગણી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ફાયનાન્સ કંપનીનાં યુવકની

લાલજીભાઈ બીજલભાઈ લાખણોત્રા તથા હુસૈનભાઈ ઉર્ફે ટીકો રહીમભાઈ નાગરીયા તથા જાફરાબાદ તાલુકાના લોઠપુર ગામે રહેતાં કલદીપભાઈ મનુભાઈ સાંડસુર નામના ચારેય આરોપીઓએ કાવતરૂ કરી આરોપી લાલજીભાઈ બીજલભાઈ લાખણોત્રાએ કેપ્રી બેંક રાજુલા શાખામાં સોનાના દાગીના ગીરવી રાખેલ હતા. જે દાગીના છોડાવવા માટે આરોપી રવિરાજભાઈ મધુભાઈ મરમલએ જુનાગઢ ગામે ભરાડ સ્કુલની બાજુમાં રહેતાં નરશાજી રાજાજી રાજપુત નામના ૨૮ વર્ષીય યુવકની કંપનીમાં ઈન્કવાયરી કરી અને સોનાના ઘરેણા કેપ્રી બેંકમાં ગીરવી મુકેલ હોય તે છોડાવવાની યુવક સાથે વાત કરી, યુવકની કંપની દ્વારા આરટીજીએસથી રૂપિયા ૪,૧૨,૦૧૨ કેપ્રી બેંકમાં જમા કરાવી દઈ સોનાના ઘરેણા આરોપીએ મેળવી અને બાદમાં યુવકને આપી દીધાં હતાં.

બાદમાં યુવકને થોડે દુર ઉતારી દેશે તેમ કહી ચારેય આરોપીઓએ ફોર વ્હીલમાં યુવકને બેસાડી દીધા બાદ યુવકની નજર ચુકવી અને છળકપટ કરી યુવકના પેન્ટના ખિસ્સામાંથી આ કામના આરોપીઓએ સોનાના ઘરેણાની કોથળી કાઢી લીધી હતાં. આ અંગે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાતાં જે ગુનાની તપાસ એ.એસ.આઈ. બી.એમ. વાળાનાઓ ચલાવી રહયા હતા.

રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. વી.એમ. કોલદરાના માર્ગદર્શન હેઠળ આ કામે ગુન્હો આચરી નાસી ગયેલ ચારેય આરોપીઓને રાજુલા ભેરાઈ રોડ ઉપરથી ટેકનીકલ તથા હ્યુમન સોર્સ આધારે ચોરીમાં ગયેલ સોનાનું સીલ્વર કલરની ડીઝાઈનવાળુ બ્રેસલેટ નંગ–૧ તથા કાનમાં પહેરવાની સોનાની કાનની બુટી નંગ–૨, સોનાનો પાંદડી નંગ–૨, સોનાનું પેન્ડલ નંગ–૧, સોનાની વીંટી નંગ–૨ મળી કુલ રૂપિયા ૪,૧૨,૦૦૦ તથા વાદળી કલરની ગાડી નંબર જી.જે.–૩૬ એસી–૨૩૩૫ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૭,૧૨,૦૦૦ના મુદામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોકત આરોપીઓ ગોલ્ડ લોન માટે બેંકમાં ગીરવે મુકેલ સોનાના દાગીના છોડાવવા માટે, દાગીના છોડાવી આપતી ફાઈનાન્સ કંપનીનો સંપર્ક કરી, ફાઈનાન્સ કંપનીના કર્મચારીને વિાસમાં લઈ, ફાઈનાન્સ કંપની પાસે પૈસા જમા કરાવી સોનાના દાગીના છોડાવી, ફાઈનાન્સ કંપનીના કર્મચારીને ફોર વ્હીલમાં બેસાડી નજર ચુકવી સોનાના દાગીનાની ચોરી કરતા હોવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે.

## અવસાન નોંધ

**રાજુલા :** સ્વ. ઠા. શાંતીલાલ નાનાલાલ ત્રિભોવનદાસ સોમૈયા (ખાંભાવાળા) ના પુત્રી અ. સૌ.સ્વ. આશાબેન રાજેશ કુમાર તન્ના (ઉ. વ. ૫૬)નુ તા. ૩૦/૧/૨૦૨૬ને શુક્રવારના રોજ સુરત મુકામે આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. તેઓ સ્વ. શોભનાબેન ઉનડકટ, દિલીપભાઈ તેમજ નયનાબેન માધવાણીના નાનાબેન, અ.સૌ. અંજનાબેન દિલીપકુમાર સોમૈયાના નણંદ તેમજ મિલનભાઈ તથા જયદીપભાઈનાં ફઈબા. તેમની પીયર પક્ષની સાદડી તા. ૨/૨/૨૦૨૬ ને સોમવારના રોજ સાંજે ૪:૦૦થી ૫:૩૦ સુધી રાજુલા ખાતે રાખેલ છે .

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૬ | ૧૫૮૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૧૦૦ | ૬૮૫ |
| ૩ | તુવેર | ૧૪૯૫ | ૧૪૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૪૮૨ |
| ૨ | તલ સફેદ | ૧૧૫૦ | ૧૯૨૧ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૬૨૧ |
| ૪ | બાજરો | ૪૦૦ | ૪૫૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૮ | ૫૭૧ |
| ૬ | જુવાર | ૭૭૫ | ૧૧૭૧ |
| ૭ | અડદ | ૧૨૫૦ | ૧૩૪૦ |
| ૮ | તુવેર | ૧૩૩૭ | ૧૫૭૬ |
| ૯ | ચણા | ૮૫૦ | ૯૭૦ |
| ૧૦ | મેથી | ૯૧૧ | ૯૧૧ |
| ૧૧ | સોયાબીન | ૮૮૨ | ૮૮૨ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૬૮ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૨૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૫૧૪ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૪૪ |
| ૫ | ધાણા | ૧૫૧૫ | ૧૭૯૦ |
| ૬ | તલ કાળા | ૩૭૩૦ | ૩૭૩૦ |
| ૭ | સોયાબીન | ૮૮૦ | ૧૧૦૦ |
| ૮ | મગફળી | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ૯ | તુવેર | ૧૪૬૦ | ૧૬૧૨ |
| ૧૦ | શીંગદાણા | ૧૬૦૦ | ૧૬૨૧ |
| ૧૧ | તલ સફેદ | ૧૦૫૦ | ૧૯૬૫ |
| ૧૨ | રાય | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૩ | મેથી | ૫૦૦ | ૮૯૦ |
| ૧૪ | એરંડી | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૧૫ | લસણ | ૬૦૦ | ૬૩૫ |

## ખાંભા ખાતે સરદાર પટેલ ગૃપ દ્વારા ધાબળા વિતરણ કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૩૧

ખાંભા ખાતે સરદાર પટેલ ગ્રુપ દ્વારા શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખી ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને ધાબળા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મનિષ સંઘાણીના વરદહસ્તે ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સરદાર પટેલ ગ્રુપ દ્વારા કરવામાં આવેલી આ માનવતાભરી સેવાકાર્યની સર્વત્ર પ્રશંસા થઈ હતી. મનિષ સંઘાણીએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે સમાજના નબળા વર્ગને સહાય કરવી એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે અને આવા સેવાકાર્યો સમાજમાં એકતા અને સમરસતાનો સંદેશ આપે છે.

આ કાર્યક્રમમાં સરદાર પટેલ ગ્રુપના કાર્યકરો મનીષભાઈ સંઘાણી, ભાર્ગવભાઈ ત્રિવેદી, સાગરભાઈ, પૂર્વ ખાંભા સરપંચ અમરીશભાઈ જોષી, રમેશભાઈ માંડવીયા પ્રત્રકાર મિત્રો આગેવાનો તેમજ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. અંતે ગ્રુપ દ્વારા ભવિષ્યમાં પણ આવા લોકહિતકારી કાર્યક્રમો સતત ચાલુ રાખવાની પ્રતિબદ્ધતા વ્યકત કરવામાં આવી હતી.

## ધારી : આઇ.ટી.આઈ. ખાતે 3 ફેબ્રુઆરીએ પ્લેસમેન્ટ મેળો યોજાશે

અમરેલી, તા. ૩૧

ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ), ધારી ખાતે બેરોજગાર યુવાઓને રોજગારની તક પૂરી પાડવાના હેતુથી ઈન્ડિયન ગેસ કંપની માટે પ્લેસમેન્ટ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્લેસમેન્ટ મેળો તા. ૩/૨/૨૦૨૬ (મંગળવાર)ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે આઈ.ટી.આઈ. ધારી, હીમખીમડી, તુલશ્યામ રોડ, ધારી ખાતે યોજાશે. આ ભરતીમાં ધોરણ ૧૦ પાસ, ૧૨ પાસ, આઈટીઆઈના તમામ ટ્રેડ પાસઆઉટ, ગ્રેજયુએટ ઉમેદવારો ભાગ લઈ શકશે. પસંદગી પામનાર ઉમેદવારોને કંપની દ્વારા રૂ. ૧૫,૦૦૦ થી રૂ. ૨૧,૦૦૦ સુધીનો અંદાજિત માસિક પગાર ચૂકવવામાં આવશે.

પ્લેસમેન્ટ મેળામાં હાજરી આપવા ઈચ્છુક ઉમેદવારોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે હાજર રહેવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે. વધુમાં વધુ સંખ્યામાં બેરોજગાર યુવાઓ આ તકનો લાભ લે તેમ આચાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા, ધારી દ્વારા એક યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાનાં વધુ 3 નાગરિકો સાથે

વાગ્યા દરમ્યાન પોતાના ઘરે હાજર હતા તે સમયે કોઈ અજાણ્યા ઈસમે તેમનાં મોબાઈલ ફોન ઉપરથી આધેડને વોટસએપ કોલ કરીને એસબીઆઈ યુનો એપ્લીકેશન અપડેટ કરવાનુ કહી વોટસએપ ઉપર એક લિંક મોકલી જે લીંક આધેડે ઓપન કરતા આધેડના બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૮૭,૭૭૨ મેળ વી લઈ આધેડ સાથે છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના વંડા ગામનાં વતની અને હાલ સુરત રહેતાં દીપકભાઈ રમેશભાઈ ખસીયા પોતે પોતાના અંગત ઉપયોગ માટે વાપરતા હતા તે ખાતાની તમામ વિગત સુરત ગામે રહેતાં વિપુલ મહારાજને અકાઉન્ટની વિગત આપી તેમાં આરોપી વિપુલ દ્વારા સાયબર ફ્રોડથી છેતરપીંડી કરી અને તે રૂપિયા પોતે જે બેંક એકાઉન્ટ આપશે તેમાં તે જમા કરાવશે તેમ જાણવા છતાં આરોપી દીપકભાઈએ ખાતાની તમામ વિગત સુરત ગામે રહેતાં વિપુલ મહારાજને આપેલ તેમાં સાયબર ફ્રોડનો ભોગ બનનાર ઉમામહેરી આનંદરાજના સીટી યુનિયન બેંકના ખાતા નં. ૫૦૦૧૦૧૦૧૦૩૦૮૬૫૪માંથી સાયબર ફ્રોડ કરી આરોપીએ આરટીજીએસથી પોતાના એસ.બી.આઈ. એકાઉન્ટ નં. ૪૩૫૩૨૫૨૭૬૦૨ માં રૂપિયા ૨,૦૦,૦૦૦ ટ્રાન્સફર કરાવી લઈ તે રૂપિયા સાયબર ફ્રોડના હોવાનું જાણવા છતાં આરોપીએ તે પૈસા ચેકથી ઉપાડી લઈ બીજા આરોપીને આપી તેના અવેજ પેટે આરોપી પાસેથી દીપકભાઈએ રૂપિયા ૩૦૦૦ લઈ ચોરીનો માલ સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ત્રીજા બનાવમાં લીલીયા ગામે ઉમીયા મંદિર પાસે રહેતાં વિશાલકુમાર માનસીંગભાઈ ચૌધરી નામનાં ૨૪ વર્ષીય વિદ્યાર્થીને ગઈ તા. ૨/૪/૨૫ ના રોજ વિદ્યાર્થીના માતાના ક્રેડીટકાર્ડ સાથે લીંક તેમના મોબાઈલ નંબર ઉપર કોઈ અજાણ્યા આરોપીએ તેમનાં મોબાઈલ નંબર ઉપરથી કોન્ટેક કરી વિદ્યાર્થીને હિન્દી ભાષામાં પોતે મુંબઈની એસબીઆઈ બ્રાન્ચ બેન્કનો કર્મચારી બોલતા હોવાની ખોટી ઓળ ખ આપી અને તેમના માતાનુ ક્રેકીટકાર્ડ બંધ કરાવવા બાબતે વિદ્યાર્થીને વિાસમાં લઈ વિદ્યાર્થીને તેના માતાના મોબાઈલ નંબરમાં એક પછી એક ઓટીપી મોકલી આ ઓટીપી વિદ્યાર્થી પાસેથી મેળવી લઈ વિદ્યાર્થીના માતાના એસબીઆઈ ક્રેડીટ કાર્ડના ખાતામાંથી વિદ્યાર્થી તથા તેમના માતાની જાણ બહાર જુદા જુદા ૧૨ ટ્રાન્જેકશન કરી કુલ રૂા. ૧,૬૨,૮૯૨ ની ઓનલાઈન સાઈબર ફ્રોડ છેતરપિંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૩૦૫ | ૧૪૮૦ |
| ૨ | લાલ તુવેર | ૧૩૦૦ | ૧૩૭૦ |
| ૩ | સફેદ તુવેર | ૧૬૦૦ | ૧૬૭૫ |
| ૪ | શીંગદાણા | ૧૩૬૦ | ૧૬૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૦૦ | ૧૬૧૦ |
| ૨ | શીંગ મોટી | ૧૪૦૦ | ૧૬૭૦ |
| ૩ | જીરૂ | ૪૨૨૫ | ૪૫૪૦ |
| ૪ | કપાસ | ૧૪૦૦ | ૧૬૨૦ |
| ૫ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૭૦ |
| ૭ | બાજરો | ૩૯૦ | ૬૦૭ |
| ૮ | જુવાર | ૬૦૦ | ૧૧૦૦ |
| ૯ | અડદ | ૭૫૦ | ૧૩૦૦ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૦૩૦ |
| ૧૧ | તુવેર | ૧૩૦૦ | ૧૭૦૩ |
| ૧૨ | એરંડી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ૧૩ | ધાણા | ૧૨૦૦ | ૧૭૨૧ |
| ૧૪ | સોયાબીન | ૯૫૦ | ૧૦૮૦ |

# બાબરા : પી.એમ. તાલુકા શાળાનાં વિદ્યાર્થીઓએ પ્રવાસમાં મેળવ્યું વિજ્ઞાન અને અધ્યાત્મનું ભાથું






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

પી.એમ. તાલુકા શાળા, બાબરા ધ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે એક સુંદર શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ અંતર્ગત શાળાના ૯૦ જેટલા વિદ્યાર્થીઓ બે વિશાળ બસ ધ્વારા ભાવનગર અને શિહોરના પવિત્ર તેમજ જ્ઞાનવર્ધક સ્થળોની મુલાકાતે નીકળ્યા હતા. સમગ્ર પ્રવાસનું સુચારૂ આયોજન અને સંચાલન શાળાના આચાર્ય દક્ષાબેનના કુશળનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું, જેમાં શાળના સાત જેટલા શિક્ષકોએ જોડાઈને બાળકોને ડગલે ને પગલે જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. વિજ્ઞાનની રોમાંચક દુનિયા અને પવિત્ર યાત્રાધામોના દર્શન પ્રવાસના પ્રથમ તબક્કામાં ભાવનગર સ્થિત રીજનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી, જયાં બાળકોએ વિજ્ઞાનના અદભૂત પ્રયોગો અને નવીનતમ ટેકનોલોજી વિશે ઊંડાણપૂર્વક માહિતી મેળવી જ્ઞાનમાં વધારો કર્યો હતો. ત્યારબાદ શિહોરના ઐતિહાસિક અને ધાર્મિક સ્થળો એવા શિહોરી માતાજીના મંદિર તેમજ ગૌતેમેશ્વર મહાદેવના મંદિરે બાળકોએ ભાવપૂર્વક દર્શન કરી આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો. આ સાથે જ સુપ્રસિધ્ધ રાજપરા ખોડિયાર માતાજીના મંદિરે પણ શીશ નમાવી બાળકો અને શિક્ષકોએ ધન્યતા અનુભવી હતી. સમગ્ર પ્રવાસ દરમિયાન બાળકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સાત શિક્ષકોની ટીમ ધ્વારા પ્રવાસ દરમિયાન બાળકોની સુરક્ષા, શિસ્ત અને ભોજનની ઉત્તમ વ્યવસ્થા જાળવવામાં આવી હતી. વિજ્ઞાન અને સંસ્કારના સંગમ સમાન આ પ્રવાસ ધ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકિયા જ્ઞાનની બહારની દુનિયા જોવાનો અને નવું શીખવાનો અમૂલ્ય અવસર મળ્યો હતો. આ સફળ આયોજન બદલ વાલીગણ અને ગ્રામજનોએ આચાર્ય અને શિક્ષક ટીમની કામગીરીને બિરદાવી હતી.

### ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે

## અમરેલીના નાના માચિયાળા મુકામે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન

### સી.સી.ટી.વી સુવિધા સહિત પ્રાથમિક શાળાના અધતન બિલ્ડિંગનું લોકાર્પણ



અમરેલી, તા.૩૧

અમરેલીના નાના માચીયાળા મુકામે ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. પ્રાથમિક શાળાનું નવુ બિલ્ડિંગ આકાર પામતા બાળકોને સુવિધાયુકત શિક્ષણનો લાભ મળશે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર શિક્ષા અભિયાન અન્વયે કુલ રૂ. ૭૫ લાખના ખર્ચે સી.સી.ટી.વી, સ્માર્ટ ક્લાસરૂમ, દિવ્યાંગ સેનિટેશન સહિતની સુવિધાઓ સાથે પ્રાથમિક શાળાનું નવું બિલ્ડિંગ આકાર પામ્યું છે. નાના માચિયાળા મુકામે કુલ રૂ. ૩૮ લાખથી વધુના ખર્ચે વિવિધ ૧૧ વિકાસકામોનું રાજયમંત્રીશ્રીના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં રેન બસેરા, કોમ્યુનિટી હોલ, પુર સંરક્ષણ દિવાલ, બ્લોક રોડ સહિતના વિકાસકામો સમાવિષ્ટ છે. આ તમામ વિકાસકાર્યો થકી ગ્રામજનોની સુવિધાઓમાં વધારો થશે.

રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું કે, અમરેલી જિલ્લામાં ચારે બાજુ રોડ રસ્તા સહિતના વિકાસકામો તેજ ગતિથી આગળ ધપી રહ્યા છે. રાજય સરકાર દ્વારા પંચાયત ભવનથી લઈને પ્રાથમિક શાળાના નવા બિલ્ડિંગ સહિતના વિકાસકામો હાથ ધરવામાં આવ્યા છે. અમરેલીમાં જાણે વિકાસની હેલી વરસી હોય એ પ્રકારે ગુણવત્તાયુકત વિકાસકામો થઈ રહ્યા છે. આપણાં બાળકો આવતીકાલના ભારતનું ઉજ્જવળ ભવિષ્ય છે, સારૂં શિક્ષણ અને સારી વ્યવસ્થાઓ રાજય સરકારની નેમ છે.

નાના માચીયાળા મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, તાલુકા પંચાયત સભ્યઓ, અમરેલી તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, ગ્રામ પંચાયત સરપંચ અને સભ્યઓ, સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### ન્યાયતંત્ર અને જનતા વચ્ચે સેતુ સમાન ૧૦૩થી વધુ પીએલવીએ તાલીમ મેળવી

## અમરેલી જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પેરા લીગલ વોલેન્ટિયર્સ માટે સઘન તાલીમ શિબિર યોજાઈ

### ડિસ્ટ્રિક્ટ જજ રિઝવાનબેન બુખારીના માર્ગદર્શન હેઠળ કાયદાકીય જાગૃતિનો ઉમદા પ્રયાસ



અમરેલી, તા. ૩૧

અમરેલી: સામાન્ય જનતાને કાયદાકીય પ્રક્રિયાઓથી માહિતગાર કરવા અને ન્યાયતંત્ર સાથે જોડવા માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલી દ્વારા તારીખ ૩૦/૧/૨૦૨૬ના રોજ પેરા લીગલ વોલેન્ટિયર્સ માટે એક વિશેષ ટ્રેનિંગ પ્રોગ્રામનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ શિબિરનો પ્રારંભ ડિસ્ટ્રિક્ટ જજ અને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન રિઝવાનબેન બુખારી દ્વારા કરવામાં આવ્યો હતો. તેમણે હાજર રહેલા તમામ વોલેન્ટિયર્સને સંબોધતા જણાવ્યું હતું કે, પીએલવી એ ન્યાયિક પ્રણાલીનો પાયાનો હિસ્સો છે. તેમણે પીએલવીની ભૂમિકા અને જવાબદારીઓ વિશે પ્રાથમિક માર્ગદર્શન આપી તાલીમ ખુલ્લી મૂકી હતી. આ ટ્રેનિંગમાં જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી ૧૦૩થી વધુ ઉત્સાહી પીએલવી ભાઈ-બહેનો હાજર રહ્યા હતા.

સમગ્ર ટ્રેનિંગ દરમિયાન કાયદાકીય જ્ઞાનને સરળ શૈલીમાં પીરસવામાં આવ્યું હતું. જેમાં ફૂલ ટાઈમ સેક્રેટરી આર.વાય. ત્રિવેદીએ પીએલવીની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને જણાવ્યું હતું કે કેવી રીતે એક વોલેન્ટિયર છેવાડાના માનવી સુધી કાયદાકીય મદદ પહોંચાડી શકે છે. એલ.એ.ડી.સી.નાં ચીફ એડવોકેટ હરેશભાઈ સેજુએ સામાન્ય જનતાને સ્પર્શતા રોજિંદા કાયદાઓ વિશે સમજ આપી હતી. ટ્રેનિંગને રસપ્રદ બનાવવા માટે પ્રોજેક્ટર પર નાલસાની યોજનાઓનાં વિડીયો દર્શાવવામાં આવ્યા હતા અને પ્રશ્નોત્તરી સેશન દ્વારા વોલેન્ટિયર્સની મૂંઝવણોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સુપ્રિટેન્ડેન્ટ આર.પી. ભંડેરી, સિનિયર ક્લાર્ક હર્ષદભાઈ સોલંકી અને આસિસ્ટન્ટ રવિરાજસિંહ સોલંકીએ નાલસાની વિવિધ કલ્યાણકારી યોજનાઓની જાણકારી આપી હતી. તાલીમાર્થીઓને નાલસાની અધિકૃત વેબસાઈટની મુલાકાત કરાવી ઓનલાઈન સેવાઓનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવવામાં આવ્યું હતું.

વિશેષરૂપે કાયદાકીય જાગૃતિના વિડીયો લોકો સુધી પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

તાલીમના અંતે હાજર રહેલા પીએલવીઓએ પોતાના પ્રતિભાવો આપતા જણાવ્યું હતું કે, આ શિબિરથી તેમના આત્મવિસામાં વધારો થયો છે અને હવે તેઓ વધુ સારી રીતે લોકોની સેવા કરી શકશે. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં જિલ્લા અદાલતના રજીસ્ટ્રાર તેમજ ડી.એલ.એસ.એ.ના તમામ કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી

### નદીની સફાઈ બાદ વહનશકિત વધશે

## અમરેલીનાં સોનારીયા ખાતે નદી સફાઈ કાર્ય શરૂ કરતાં રાજયમંત્રી કૌશિક વેકરિયા

### ૦૬ કિ.મી. નદીમાં બાવળ સહિતની આડશ દૂર કરાશે



અમરેલી, તા. ૩૧

ઊર્જા અને કાયદો રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને સોનારિયા મુકામે નદીની સાફસફાઈ ઝુંબેશનો પ્રારંભ થયો હતો. રાજય સિંચાઈ વિભાગ દ્વારા અમરેલી જિલ્લાના સોનારીયાથી ચાંદગઢ સુધી અંદાજિત ૬ કિલોમીટરની લંબાઈ ધરાવતી નદીમાં ઉગી નીકળેલા ગાંડા બાવળ સહિતની આડશની સફાઈ કરવામાં આવશે.

આ પ્રસંગે નદીના પટમાં રાજયમંત્રીના હસ્તે કામગીરીનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં રાજયમંત્રીએ ખેડૂતોના વર્ષો જૂના પ્રશ્નનું નિરાકરણ આપતા શુભકામનાઓ પાઠવી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, નદીમાં આડશના લીધે વહન ક્ષમતા ઘટી જવાથી પૂરની સ્થિતિમાં ખેતીલાયક જમીનમાં વ્યાપક ધોવાણ થતું હતું. આ માટે રાજય સરકારે જરૂરી નાણાકીય જોગવાઈ કરી કામ મંજૂર કરતા આજે આ કાર્ય શરૂ થયું છે. આ વિસ્તારના ખેડૂતોની જમીન ધોવાણ થતી અટકશે અને નદીની વહન ક્ષમતામાં વધારો થશે. રાજયમંત્રીએ પ્રવાસ દરમિયાન અમરેલી તાલુકાના ચાંપાથળ અને ફતેપુર મુકામે રૂ. ૧૦-૧૦ લાખના અનુદાનથી નિર્મિત કોમ્યુનિટી હોલનું સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યુ હતું. આ પ્રસંગે તેમણે ફેતપુર મુકામે પ્રાથમિક શાળાની મુલાકાત લઈ અને ૪૧૮ જેટલી વ્યાપક સંખ્યા થવા બદલ શાળાના આચાર્ય અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયતના સભ્યો મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહિડા, કાળુભાઈ, પ્રવિણભાઈ માંગરોળીયા, તાલુકા પંચાયત અમરેલીના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, અગ્રણી અતુલભાઈ કાનાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજુલા એ.પી.એમ.સી. ખાતે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો વેચાણ કેન્દ્રનું આયોજન

અમરેલી, તા. ૩૧

પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહનના ઉદેશથી ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટના સંયુકત ઉપક્રમે રાજુલા એ.પી.એમ.સી ખાતે પ્રાતિક કૃષિ વેચાણ કેન્દ્રનું સફળ આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. રાજુલાના ૫ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો. પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોના વિવિધ ઉત્પાદનોનું સીધું જ ગ્રાહકોને વેચાણ કરવામાં આવ્યું હતું. આ આયોજનને સફળ લોકપ્રતિસાદ મળ્યો હતો. આ તકે રાજુલા પ્રાંત અધિકારી અને તાલુકા વિકાસ અધિકારીએ ઉપસ્થિત રહીને પરંપરાગત કૃષિ કરતા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માહિતી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું. સાથે ગુણવત્તાયુકત ઉત્પાદનો અને તેની બજાર માંગ અને માર્કેટિંગ વિષયક જાણકારી આપવામાં આવી હતી. આસપાસના વિવિધ ગામના નાગરિકો, ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો વેચાણ કેન્દ્રની મુલાકાત લીધી હતી તેમ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અમરેલીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### જળસંચય થકી ગ્રામ્ય અર્થતંત્રને વેગ આપવા

## નવા ઝાંઝરીયામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ગ્રામસભા સંપન્ન

### વરસાદી પાણીનાં સંગ્રહ અને આર્થિક ઉન્નતિ માટે અપાયું માર્ગદર્શન



અમરેલી, તા. ૩૧

બગસરા તાલુકાના નવા ઝાંઝરીયા ગામમાં વિશેષ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. ગીર ગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ સભાનો મુખ્ય હેતુ વરસાદી પાણીનું યોગ્ય જતન કરી ગ્રામ્ય અર્થવ્યવસ્થાને મજબુત બનાવવાનો હતો.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ આ ગ્રામ સભામાં ગ્રામજનોને સંબોધતા જણાવ્યું હતું કે, ખેતી અને ગ્રામ્ય અર્થતંત્રનો મજબૂત આધાર જળસંચય છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ છેલ્લા ઘણા સમયથી લોકભાગીદારી દ્વારા ચેકડેમ ઊંડા ઉતારવા, ખેત તલાવડીઓ બનાવવી અને બોર રિચાર્જ જેવા ભગીરથ કાર્યો કરી રહ્યાં છે. જો આપણે વરસાદી પાણીને ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રોકી શકીશું, તો જ ભૂગર્ભ જળના સ્તર ઊંચા આવશે. જળસંગ્રહ એ માત્ર પાણી બચાવવાનું કાર્ય નથી, પરંતુ આવનારી પેઢીને સુખી અને સંપન્ન બનાવવાનું અભિયાન છે.

ગ્રામસભામાં પાણીના એક-એક ટીપાની કિંમત સમજાવીને તેને જમીનમાં ઉતારવા માટેના વિવિધ નુસખાઓ અને પદ્ધતિઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામજનોએ પણ ટ્રસ્ટની આ કામગીરીને બિરદાવી હતી અને જળસંચયના આ અભિયાનમાં સહયોગ આપવાની ખાતરી આપી હતી.આ કાર્યક્રમમાં ગામના સરપંચ કલ્યાણભાઈ, રમેશભાઈ ધાનાણી, બગસરાના દેવચંદભાઈ સવાલીયા, મહેન્દ્રભાઈ પાથર, વિવેકભાઈ કોલડિયા, દિલીપભાઈ કોલડિયા, કાંતિભાઈ કોલડિયા, અરજણભાઈ માસ્તર, નારણભાઈ કોલડિયા સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.





શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા : અમરેલી

-: અગત્યની જાહેરાત :-

આ ટ્રસ્ટ શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા ટ્રસ્ટ દ્વારા નબળા વર્ગના વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા માટે જૂન-૨૦૨૬ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષ માટે...

રાહત દરે ફૂલસ્કેપ નોટબૂકસ આપવાની યોજના છે.

તે અંતર્ગત 192 પેઈઝ તથા 144 પેઈઝના એમ બે પ્રકારના ફૂલસ્કેપ બૂક તૈયાર કરાશે અને

પડતર કિંમતના 50% દરે અપાશે.

192 પેજ એક ડઝનની અંદાજિત પડતર કિંમત Rs.400 જે એક ડઝન અંદાજિત Rs.200 આસપાસ

144 પેજ એક ડઝનની અંદાજિત પડતર કિંમત Rs.320 જે એક ડઝન અંદાજિત Rs.160 આસપાસ

આ નોટબૂકનું છૂટક વેચાણ નહીં કરાય પણ કોઈપણ શૈક્ષણિક સંસ્થા, જ્ઞાતિ સંસ્થાઓ, વિવિધ મંડળો પોતાની જરૂરીયાત મુજબની સંખ્યાનો ઓર્ડર નોંધાવી શકશે.

આ બૂકસ ડઝનના એકમમાં અપાશે. કોઈપણ સંસ્થા કે મંડળ 50 કે તેથી વધુ ડઝનનો ઓર્ડર નોંધાવી શકશે. ઓર્ડર આપતી વખતે દર 50 ડઝને રૂા.પાંચ હજાર લેખે ડીપોઝીટનો ચેક "નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા" એ નામે એકાઉન્ટ પે આપવાનો રહેશે. માર્ચ-૨૦૨૬ ના ત્રીજા અઠવાડિયામાં માંગણી મુજબ બૂકસ અપાશે. અને તે સમયે કુલ કિંમતમાંથી ડીપોઝીટ બાદ કરીને થતી રકમ પણ ચેકથી આપવાની રહેશે. વિતરક સંસ્થા ડઝન દીઠ રૂા.10 વ્યવસ્થા ખર્ચના ઉમેરી જે તે વિદ્યાર્થીને વેચાણ આપી શકશે. આ માટે રસ ધરાવતી સંસ્થાઓએ પોતાની જરૂરીયાત મુજબ ઓર્ડર અને ડીપોઝીટના ચેક સાથે

તા. ૧૦-૦૨-૨૦૨૬ સુધીમાં પોતાનો ઓર્ડર નોંધાવી શકશે.

આપે આપેલ ઓર્ડરની ડીલેવરી જ્યારે જણાવવામાં આવે ત્યારે રૂપાયતન સંસ્થા, અમરેલી માંથી લઈ જવાની રહેશે.

આ અંગે વધુ માહિતી માટે તથા આ યોજનામાં સહભાગી થવા ઈચ્છનારે
ડૉ. અમિતભાઈ ઉપાધ્યાય, આચાર્ય - દીપક હાઈસ્કૂલ, અમરેલી
Mo. 94277 44495 | 81601 45138 નો સંપર્ક કરવા વિનંતી.

શ્રી નાગનાથ ટ્રસ્ટ આ યોજના સમાજના લાભાર્થે હાથ ધરે છે. તેથી તેનો યોગ્ય ઉપયોગ થાય તે જોવાની જવાબદારી સૌની છે.

કિશોરભાઈ મહેતા
પ્રમુખ,
શ્રી નાગનાથ મહાદેવ દેવસ્થાન સંસ્થા - અમરેલી. Mo. 94084 40077

